વિભાગ : ૫

# મોક્ષ નિરૂપણ

મોક્ષ એ આત્માનું એકમાત્ર અને અંતિમ લક્ષ્ય છે. પારમાર્થિક પંથની શરૂઆત પૂર્ણતાના લક્ષે હોય છે. પૂર્ણતા એટલે પૂર્ણ શુદ્ધ, પૂર્ણ સુખ અને પૂર્ણ સાધ્ય એવું મોક્ષ જ છે.

પોતે સંસારી પ્રાણી હોવાથી સંસાર અને તેના દુઃખથી તો કાંઈક પરિચિત છે પણ મોક્ષ અને તેના સુખથી બિલકુલ પરિચિત નથી. વર્તમાનમાં મોક્ષ નથી અને મોક્ષ હોય તોપણ પોતાના ઈન્દ્રિયજ્ઞાનનો વિષય નથી. તેથી સામાન્ય રીતે મોક્ષનો પરિચય હોતો નથી. પરંતુ મોક્ષના પરિચય વિના પોતાનો કોઈ ઉદ્ધાર નથી. મોક્ષમાર્ગ અને મોક્ષસુખ પ્રાપ્ત કરવા માટે તેનો પરિચય ઉપરાંત સર્વાંગીણ સમજણ જરૂરી છે. આ હેતુ માટે આ વિભાગમાં મોક્ષનું નિરૂપણ કરતાં પાંચ પ્રકરણો આપવામાં આવ્યા છે. જેમાં અનુક્રમે **મોક્ષની સામાન્ય માહિતિ, મોક્ષની સાબિતી, સિદ્ધના ગુણો, સિદ્ધનું સ્વરૂપ અને સિદ્ધના ભેદ** સમજાવવામાં આવ્યા છે.

## પ્રકરણ : ૨૦

# મોક્ષની સામાન્ય માહિતી

### પ્રકરણની રૂપરેખા

☼ પ્રાસ્તાવિક
- મોક્ષ એટલે શું ?
- મોક્ષના ભેદ
- પુરુષાર્થમાં મોક્ષની પ્રધાનતા.
- ગતિમાં મોક્ષની વિશેષતા.
- મોક્ષનો મહિમા.
- મોક્ષપ્રાપ્તિનો ક્રમ.
- સિદ્ધશિલાનું વર્ણન

☼ ઉપસંહાર



(હરિગીત)

**જ્યાં દુ:ખ નહિ, સુખ જ્યાં નહીં, પીડા નહીં , બાધા નહીં,**
**જ્યાં મરણ નહિ, જ્યાં જન્મ છે નહિ, ત્યાં જ મુક્તિ જાણવી.**

**નહિ ઈન્દ્રિયો, ઉપસર્ગ નહિ, નહિ મોહ, વિસ્મય જ્યાં નહીં,**
**નિદ્રા નહીં, ન ક્ષુધા, તૃષા નહિ, ત્યાં જ મુક્તિ જાણવી.**

**જ્યાં કર્મ નહિ, નોકર્મ, ચિંતા, આર્તરોદ્રૌભય નહીં,**
**જ્યાં ધર્મશુકલધ્યાન છે નહિ, ત્યાં જ મુક્તિ જાણવી.**

ભાવાર્થ : જ્યાં શુભાશુભકર્મજનિત સુખ-દુ:ખ નથી; વેદનામૂર્તિ એવા શરીરના અભાવના કારણે પીડાનું કોઈ કારણ નથી; વેદનીય કર્મના અભાવના કારણે કોઈ બાધા નથી; સંસારના અભાવના કારણે જન્મ-મરણ નથી; ત્યાં જ મોક્ષ જાણવો.

જ્યાં ખંડિત, ક્રમિક અને અમુક આત્મપ્રદેશોથી પ્રવર્તતા એવા ઈન્દ્રિયજ્ઞાનથી રહિત એવા અખંડ, ક્રમરહિત અને સર્વ આત્મપ્રદેશોથી પ્રવર્તતું અતીન્દ્રિયજ્ઞાન હોવાથી ઈન્દ્રિયો નથી; પાપના ઉદયનો અભાવ હોવાથી ચેતન-અચેતનકૃત કોઈ ઉપસર્ગ નથી; પરમ ક્ષાયિક સમ્યક્ત્વ અને યથાખ્યાત ચારિત્ર હોવાના કારણે દર્શનમોહનીય કે ચારિત્રમોહનીયરૂપ મોહ નથી; બાહ્ય પ્રપંચથી વિમુખ સંપૂર્ણ જ્ઞાનનો સદ્‌ભાવ હોવાથી વિસ્મય નથી; નિત્ય પ્રગટ અખંડ જ્ઞાનજ્યોતિ હોવાથી નિદ્રા નથી;અશાતાનો ઉદય ન હોવાથી કોઈ ક્ષુધા-તૃષા નથી; ત્યાં જ મોક્ષ જાણવો.

જ્યાં સદાય નિરંજન-નિરાકારપણું હોવાથી કર્મ-નોકર્મ નથી; મન રહિત નિરૂપાધિક સ્વરૂપના કારણે ચિંતા નથી; વિભાવભાવોના અભાવના કારણે આર્ત-રૌદ્રધ્યાન નથી; ચરમ શરીરનો પણ અભાવ હોવાના કારણે ધર્મ-શુક્લધ્યાન પણ નથી; ત્યાં જ મોક્ષ જાણવો.
(નિયમસાર: ગાથા ૧૭૯-૮૦-૮૧)

મોક્ષ એ આત્માની પરમ પવિત્ર વીતરાગ દશા છે. આત્માના અનંતાનંત ગુણોની અપરિમિત અનંત પ્રગટતા મોક્ષમાં છે. મોક્ષમાં આત્માનો પરિપૂર્ણ સામર્થ્યથી ભરપૂર ત્રિકાળ નિરાવરણ નિરૂપાધિક સ્વભાવ છે, તેવી જ તેની પ્રગટ અવસ્થા છે. મોક્ષ પામેલ અશરીર સિદ્ધ પરમાત્માનું અગમ, અગોચર, અલૌકિક અને અચિંત્ય સ્વરૂપ શબ્દોમાં વર્ણવી શકાતું નથી. આત્માની આત્યંતિક શુદ્ધ અવસ્થાનું નિરૂપણ શબ્દોમાં કેમ થઇ શકે ? ન જ થઇ શકે.તોપણ ભગવાનની દિવ્યવાણી અને પોતાના સ્વાનુભવના આધારે મોક્ષમાર્ગીમહાત્માઓ તેનો કોઇક નિર્દેશ કરે છે. આ નિર્દેશ પણ મોટા ભાગે નાસ્તિથી કરી શકાય છે. મોક્ષ એ સંસારથી સંપૂર્ણ વિરુદ્ધ અવસ્થા હોવાથી સંસારમાં જે છે તે મોક્ષમાં નથી – એ રીતે તેનું નાસ્તિથી કથન કરવામાં આવે છે.

સંસારમાં જન્મ-જરા-મરણ, ક્ષુધા-તૃષા, રાગ-દ્વેષ-મોહ, ભય, ચિંતા, વિસ્મય, નિદ્રા જેવા દોષો હોય છે, જે નિર્દોષ મોક્ષમાં નથી, સાંસારિક સુખ-દુ:ખ કે પીડા-બાધા પણ ત્યાં નથી. શરીરનો જ અભાવ હોવાથી કોઇ ઇન્દ્રિયો કે ઉપસર્ગ પણ નથી. ઉત્તમ પ્રકારના ધર્મ-શુકલધ્યાનનું ફળ જ મોક્ષ છે તેથી મોક્ષમાં કોઇ પણ પ્રકારનું ધ્યાન પણ સંભવતું નથી. આવા મોક્ષનું યત્‌કિંચિત્ નિરૂપણ કરવાનો અહીં પ્રયત્ન છે.

## મોક્ષ એટલે શું?

મોક્ષ એટલે મુકત દશા. આત્માની **૧. બંધનમુકત, ૨. સંસારમુકત, ૩. જીવનમુકત, ૪. યોગમુકત** અને **૫. દુ:ખમુકત** દશા તે મોક્ષ છે.

૧. સંસારી જીવને જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મ, શરીરાદિ નોકર્મ અને રાગાદિ ભાવકર્મ એ ત્રણ પ્રકારના બંધન હોય છે. મોક્ષમાં આ ત્રણેય પ્રકારના કર્મબંધનથી મુકત દશા હોવાથી તે **બંધનમુકત** છે.

૨. આત્માનો સંસાર ત્રણ પ્રકારે છે— ૧. જન્મ-મરણરૂપ સંસાર, ૨. ચાર પ્રકારની ગતિરૂપ સંસાર અને ૩. પાંચ પ્રકારના પરાવર્તનરૂપ સંસાર. આ સઘળા પ્રકારના સંસારનો અભાવ મોક્ષમાં હોવાથી તે **સંસારમુકત** છે.

૩. સંસારી જીવનું જીવન દશ પ્રકારના પ્રાણોથી હોય છે. મોક્ષમાં આ દશેય પ્રકારના પ્રાણોનો અભાવ હોવાથી તે સાંસારિક જીવનથી મુકત છે. તેથી તે **જીવનમુકત** છે.

૪. સંસારી જીવને મન-વચન-કાયા સંબંધિત યોગ હોય છે. યોગના કારણે આત્મપ્રદેશોનું પરિસ્પંદન હોય છે. મોક્ષમાં આ સઘળા પ્રકારના આત્મપ્રદેશોના પરિસ્પંદનના કારણભૂત યોગનો અભાવ હોવાથી તે **યોગમુકત** છે.

૫. સંસારી જીવને આધિ-વ્યાધિ-ઉપાધિજન્ય અને અસ્થિરતાના કારણે થતા અનેક પ્રકારના દુઃખો હોય છે. મોક્ષમાં આ સઘળાં પ્રકારનાં આકુળતામય દુઃખોનો અભાવ હોવાથી તે **દુઃખમુકત** દશા છે.


## મોક્ષના ભેદ

મોક્ષ બે પ્રકારે છે--૧. ભાવમોક્ષ અને ૨. દ્રવ્યમોક્ષ

### ૧. ભાવમોક્ષ

**ઘાતિકર્મોના અભાવથી પ્રગટ થતી અરિહંતદશા એ ભાવમોક્ષ છે.**

ભાવમોક્ષ ધરાવતા અરિહંત ભગવાન ચાર ઘાતિકર્મોના અભાવથી પ્રગટ થતા અનંત ચતુષ્ટય ધરાવનારા હોય એવા વીતરાગ અને સર્વજ્ઞ છે. તેઓ જન્મ, જરા, મરણ, ક્ષુધા, તૃષા, રોગ, સ્વેદ, ખેદ, નિદ્રા જેવા શરીરાશ્રિત અને રાગ, દ્વેષ, મોહ, ભય, શોક, ઉદ્વેગ, મદ, વિસ્મય, ચિંતા જેવા આત્માશ્રિત દોષોથી રહિત હોય છે. પરમ ઔદારિક શરીર ધરાવનારા અરિહંત ભગવાન જમીનથી વીસ હજાર હાથ(૮૦૦૦ મીટર) ઊંચે બિરાજે છે. અરિહંત ભગવાનમાં જે તીર્થંકર હોય તે દિવ્યધ્વનિ વડે હિતોપદેશ પણ આપનારા હોય છે.




ભાવમોક્ષમાં ઘાતિકર્મોનો અભાવ હોવા છતાં અઘાતિકર્મોનો અભાવ હોતો નથી. અઘાતિકર્મોનો ઉદય પૂરો થતા તેનો આપમેળે અભાવ થાય છે. પણ તેમાં જીવનો પુરુષાર્થ કાર્યકારી હોતો નથી. અઘાતિકર્મોના કારણે શરીરાદિનો સંયોગ હોય છે. શરીરાદિનો સંયોગ હોવાના કારણે તે સંસારદશા છે પણ સિદ્ધદશા નથી. ભાવમોક્ષ ધરાવતા અરિહંત ભગવાન પણ સંસારી છે અને સિદ્ધ નથી. તેથી વાસ્તવિક મોક્ષમાં તેમનો સમાવેશ નથી. તેથી અહીંયા તેમની વિશેષ ચર્ચા અપ્રસ્તુત છે.

### ૨. દ્રવ્યમોક્ષ

**ભાવમોક્ષ ધરાવતા અરિહંત ભગવાનને અઘાતિકર્મોનો પણ અભાવ થતા પ્રગટતી સિદ્ધદશા એ દ્રવ્યમોક્ષ છે.**

ભાવમોક્ષ વિના દ્રવ્યમોક્ષ પ્રગટતો નથી. તેથી દ્રવ્યમોક્ષમાં ભાવમોક્ષનો પણ સમાવેશ છે. દ્રવ્યમોક્ષમાં સંપૂર્ણ કર્મો અને શરીરનો અભાવ હોવાથી તે જ વાસ્તવિક મુકતદશા કે મોક્ષ છે. **'મોક્ષ નિરૂપણ'** નામના આ વિભાગમાં મોક્ષ એટલે દ્રવ્યમોક્ષનું જ નિરૂપણ સમજવું.

## પુરુષાર્થમાં મોક્ષની પ્રધાનતા

(આર્યા)

**धर्मस्य अर्थस्य कामस्यापि एतेषां सकलानां मोक्षम् ।**
**उतमं प्रमणन्ति ज्ञानिनः जीव अन्येन येन न सौख्यम् ।।**

ભાવાર્થ : **ધર્મ, અર્થ અને કામ એ ત્રણેય પુરુષાર્થથી ઉત્તમ અને પ્રધાન પુરુષાર્થ મોક્ષ જ છે. કારણ કે હે જીવ ! મોક્ષ સિવાયનો પુરુષાર્થ સંસારનું જ કારણ હોવાથી તેનાથી આત્મિક સુખ થતું નથી.**
(પરમાત્મપ્રકાશઃ અ-૨, ગાથા-૩)

પુરુષાર્થ = પુરુષ + અર્થ.

**पुरु सेते इति पुरुषः** એ વ્યુત્પત્તિ અનુસાર **પુરુ** એટલે ઉત્તમ ચેતના ગુણમાં **સેતે** એટલે સ્વામી થઈને પ્રવર્તે તેને **પુરુષઃ** કહે છે. ઉત્તમ ચેતના ગુણમાં સ્વામી થઈને પ્રવર્તનારો એક માત્ર આત્મદ્રવ્ય જ હોવાથી **પુરુષઃ**નો અર્થ આત્મા છે.

અર્થ એટલે પ્રયોજન કે પરિણતિ છે. તેથી પુરુષાર્થ એટલે આત્માનું પ્રયોજન કે પરિણતિ છે.

આત્માનો આ પુરુષાર્થ ચાર પ્રકારને માનવામાં આવે છે. ૧. ધર્મ, ૨. અર્થ, ૩. કામ અને ૪ મોક્ષ.

અહીં ધર્મ એટલે શુભભાવ, અર્થ એટલે ધનાદિ સંપત્તિ, કામ એટલે વિષયભોગ અને મોક્ષ એટલે બંધનમાંથી મુક્તિ છે. પ્રથમના ત્રણ પ્રકારના પુરુષાર્થ સંસાર સાથે સંબંધિત અને સંસારનું જ કારણ છે. વળી તેઓ અસ્થિર, આકુળતામય અને અકલ્યાણકારી હોવાથી હેય છે. આ ત્રણેય પ્રકારના પુરુષાર્થ એક જ પ્રકારની કક્ષા કે કોટિમાં સમાવેશ પામતા હોવાથી તે ત્રણેયના સમુદાયને ત્રિવર્ગ તરીકે ઓળખવામાં આવે છે. મોક્ષનો પુરુષાર્થ આ ત્રિવર્ગમાં સમાવેશ ન પામતો એવો અન્ય પ્રકારનો હોવાની તેને અપવર્ગ તરીકે ઓળખવામાં આવે છે. મોક્ષનો પુરુષાર્થ બંધનમાંથી મુક્તિ અપાવી આત્માની સ્થિર, નિરાકુળ અને કલ્યાણકારી સિદ્ધદશા પ્રાપ્ત કરાવનારો હોવાથી તે પરમ ઉપદેય છે. તેથી આ ચારેય પ્રકારના પુરુષાર્થમાં મોક્ષ જ પ્રધાન છે.

ધર્મ-અર્થ-કામ રૂપ ત્રિવર્ગનો પુરુષાર્થ અને મોક્ષરૂપ અપવર્ગનો પુરુષાર્થ વચ્ચેનો તફાવત નીચેના પ્રમાણે દર્શાવી શકાય છે.

| ધર્મ-અર્થ-કામરૂપ **ત્રિવર્ગ**નો પુરુષાર્થ | મોક્ષરૂપ **અપવર્ગ**નો પુરુષાર્થ |
|---|---|
| ૧. બંધનું કારણ છે. | ૧. મોક્ષનું કારણ છે. |
| ૨. અસ્થિર છે. | ૨. સ્થિર છે. |
| ૩. આકુળ છે. | ૩. અનાકુળ છે. |
| ૪. અકલ્યાણકારી છે. | ૪. કલ્યાણકારી છે. |
| ૫. અત્યંત હેય છે. | ૫. પરમ ઉપાદેય છે. |

## ગતિમાં મોક્ષની વિશેષતા

**ज्यों किट्ट कालिमा से विरहित, सोना अतिशुद्ध चमकता है ।**
**त्यों ही कलंक मलरहित मुक्त, आत्मा परिशुद्ध झलकता है ।**
**ऐसे ये मुक्त जीव त्रिभुवन के, शिवरमणी सम शोभे है ।**
**लोकाग्र भाग पर जा कर के, निज स्वात्मामृत सुख भोगे है ।।**

ભાવાર્થઃ જેમ કીટ અને કાલિમાથી રહિત અત્યંત શુદ્ધ થયેલ સોનું ચમકે છે, તેમ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ જેવા સર્વ પ્રકારના કર્મમળ અને કલંકથી રહિત પરિશુદ્ધ થયેલ મુક્ત આત્મા શોભે છે. લોકના અગ્રભાગ ઉપર બિરાજમાન થઈને નિજ સુખામૃતનો ભોગવટો કરનાર મુક્ત આત્માની શોભા ત્રણલોકના [1]**શિખામણિ** સમાન છે.
(રત્નકરંડ શ્રાવકાચારઃ ગાથા ૧૩૪)

સઘળાં પ્રકારની ગતિઓમાં મોક્ષ ગતિનું આગવાપણું એ તેની વિશેષતા છે. જીવની અમુક પ્રકારની અવસ્થા કે સ્થિતિને તેની ગતિ કહે છે. ગતિ નામકર્મના ઉદયને વશ અમુક પ્રકારના શરીરમાં રહેવાથી સંસારીજીવની અવસ્થા વિશેષરૂપ ગતિ ચાર પ્રકારે છે— નારકી, મનુષ્ય, દેવ અને તિર્યંચ. સંસારી જીવ આ ચારગતિમાં ભ્રમણ કરે છે. આ ચાર ગતિ જીવના દુઃખ ભોગવવાનું જ સ્થાન છે અને તેથી તે નિકૃષ્ટ છે. અને ત્રણલોકમાં ભટકવું તે જ તેનું સ્થાન છે. સંસારની ચાર ગતિથી વિલક્ષણ એવી પંચમગતિ એ મોક્ષ છે. મોક્ષ એ સઘળી ગતિમાં સર્વોત્કૃષ્ટ અને પરમ સુખરૂપ હોવાથી ત્રણ લોક તેને પોતાના મસ્તક ઉપર રાખે છે. તે ત્રણ લોકના શિખામણિ સમાન અત્યંત શોભે છે. તેની વિશેષતા નીચે પ્રકારે છે.

૧. સર્વોત્તમ અને સર્વોપરી,

૨. સુખ ભોગવવાનું સ્થાન,

૩.અવિનાશી, ૪. નિર્દોષ અને ૫. અત્યંત સ્થિર.

### ૧. સર્વોત્તમ અને સર્વોપરી

જેમ કીટ અને કાલિમાથી રહિત સોનું ચમકે છે તેમ કર્મમળ અને ભાવકલંકથી રહિત મુકત આત્મા શોભે છે. સંસારની ચાર ગતિમાં જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ અને શરીરાદિ નોકર્મ જેવા કર્મમય હોય છે તે મોક્ષગતિમાં નથી. આ ઉપરાંત ક્ષુધા-તૃષા, રાગ-દ્વેષ-મોહ જેવા ભાવકલંક પણ મોક્ષગતિમાં નથી. આ મોક્ષગતિમાં જીવ સાદિ-અનંત સમાધિસુખ ભોગવનારો છે તેથી તે સઘળી ગતિઓમાં સર્વોત્તમ અને સર્વોપરી છે.

### ૨. સુખ ભોગવવાનું સ્થાન

સંકારની ચાર ગતિનું સ્વરૂપ મનુષ્ય-નારકી-દેવ-તિર્યંચના દેહમાં રહીને ભટકવાનું છે. તેથી તે અત્યંત આકુળતામય છે વળી તે ચોર્યાશી લાખ યોનિના જન્મ-મરણ અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવરૂપ પાંચ પરાવર્તનથી પણ યુકત છે તેથી પણ તે આકુયતામય છે. આકુળતામય હોવાથી તે દુઃખ ભોગવવાનું સ્થાન છે. જ્યારે પંચમગતિ : મોક્ષ એ જીવના કોઈ પણ પ્રકારના ભ્રમણરહિત નિરાકુળ સુખ ભોગવવાનું જ સ્થાન છે.



### ૩. અવિનાશી

સંસારની ચાર ગતિ કર્મોદયને આધીન હોવાથી વિનાશિક છે. મોક્ષ ગતિ સંપૂર્ણ કર્મોથી વિમુકત હોવાથી અવિનાશી છે.

### ૪. નિર્દોષ

સંસારની ચાર ગતિ જન્મ, જરા, મરણ, ક્ષુધા, તૃષા, રાગ, સ્વેદ, ખેદ, નિદ્રા, રાગ, દ્વેષ, મોહ, ભય, શોક, ઉદ્વેગ, મદ, વિસ્મય, ચિંતા જેવા અઢારેય દોષોથી યુકત હોવાથી સદોષ છે. મોક્ષ ગતિ અઢારેય પ્રકારના દોષોથી રહિત હોવાથી નિર્દોષ છે.

### ૫. અત્યંત સ્થિર

સંસારની ચાર ગતિમાં મોહ-ક્ષોભના કારણે સ્વરૂપની અસ્થિરતા, મન-વચન-કાયાના યોગના કારણે આત્મપ્રદેશોનું કંપન અને ઇચ્છાના સદ્ભાવના કારણે ઇચ્છાપૂર્વકનું ગમનાગમન હોવાથી તે અત્યંત અસ્થિર છે. મોક્ષમાં મોહ-ક્ષોભના સર્વથા અભાવના કારણે સ્વરૂપની સંપૂર્ણ સ્થિરતા, અયોગીદશાના કારણે આત્મપ્રદેશોનું અકંપન અને ઇચ્છાના અભાવના કારણે ઇચ્છાપૂર્વકના ગમનાગમનનો તદ્દન અભાવ હોવાથી તે અત્યંત સ્થિર છે.

સંસારની ચાર ગતિ કરતાં પંચમગતિ : મોક્ષની વિશેષતા નીચેના તફાવત દર્શાવતા કોષ્ટકના આધારે સમજી શકાય છે.

| સંસારની ચારગતિ | પંચમગતિઃ મોક્ષ |
|---|---|
| ૧. કર્મમળ અને ભાવ કલંકથી સહિત હોવાથી અત્યંત કનિષ્ટ અને નિમ્નકક્ષાની છે. | ૧. કર્મમય અને ભાવકલંકથી તદ્દન રહિત હોવાથી સર્વોત્તમ અને સર્વોપરી છે. |
| ૨. દુઃખ ભોગવવાનું સ્થાન છે. | ૨. સુખ ભોગવવાનું સ્થાન છે. |
| ૩. વિનાશીક છે. | ૩. અવિનાશી છે. |
| ૪. સદોષ છે. | ૪. નિર્દોષ છે. |
| ૫. અત્યંત અસ્થિર છે. | ૫. અત્યંત સ્થિર છે. |
| ૬. ઉપરોકત કારણોસર સંસારની ચારગતિ નિકૃષ્ટ છે | ૬. ઉપરોકત કારણોસર પંચમગતિ મોક્ષ ઉત્કૃષ્ટ છે |

## મોક્ષનો મહિમા

(હરિગીત)

**કર્માષ્ટવર્જિત, પરમ, જન્મજરામરણહીન શુદ્ધ છે,**
**જ્ઞાનાદિ ચાર સ્વભાવ છે, અક્ષય, અનાશ, અછેદ્ય છે.**

**અનુપમ, અતીન્દ્રિય, પુણ્યપાપવિમુકત અવ્યાબાધ છે,**
**પુનરાગમન વિરહિત, નિરાલંબન, સુનિશ્ચળ, નિત્ય છે.**

ભાવાર્થ : (જે પૂર્ણ શુદ્ધ, પૂર્ણ સુખ અને પૂર્ણ સાધ્ય હોય તે મહિમાવંત મનાય છે. મોક્ષ આવો હોવાથી મહિમાવંત છે. તે આ રીતે —) **૧.** આઠ કર્મ રહિત, **૨.** પરમ, **૩.** નિર્મળ, **૪.** જ્ઞાનાદિ ચાર સ્વભાવ, **૫.** નિરાલંબન, **૬.** સુનિશ્ચય, **૭.** નિત્ય (હોવાથી મોક્ષ પૂર્ણશુદ્ધ છે.)

**૧.** અનુપમ, **૨.** અતીન્દ્રિય, **૩.** પુણ્યપાપથી વિમુકત ,**૪.** અવ્યાબાધ (હોવાથી મોક્ષમાં પૂર્ણ સુખ છે.)

**૧.** જન્મ જરા મરણ રહિત, **૨.** અક્ષય, **૩.** અવિનાશ ,**૪.** અછેદ્ય, **૫.** પુનરાગમન વિરહિત (હોવાથી મોક્ષ પૂર્ણ સાધ્ય છે.) (નિયમસારઃ ગાથા ૧૭૭-૭૮)

જેના કારણે આત્માનો યશ, કીર્તિ, ફત્તેહ, સિદ્ધિ, સામર્થ્ય, પ્રતાપ, પ્રભાવ વગેરે હોય તેને મહિમાવંત માનવામાં આવે છે. પારમાર્થિક માર્ગમાં મહિમાવંત હોય તે પૂર્ણ શુદ્ધ, પૂર્ણ સુખ અને પૂર્ણ સાધ્ય હોય છે. આત્માનો મોક્ષ **૧. પૂર્ણ શુદ્ધ, ૨. પૂર્ણ સુખ** અને **૩. પૂર્ણ સાધ્ય** હોવાથી તે મહિમાવંત છે. તે આ રીતે —

### ૧. પૂર્ણ શુદ્ધ

**જે સંપૂર્ણપણે સ્વચ્છ, પવિત્ર, ચોખ્ખુ, નિર્દોષ અને ભેળસેળ વિનાનું હોય તેને પૂર્ણ શુદ્ધ કહે છે.**

આત્માનો મોક્ષ આવો હોવાથી તે પૂર્ણ શુદ્ધ છે. મોક્ષની પૂર્ણ શુદ્ધતાનું કારણ તેનું ૧. આઠ કર્મથી રહિતપણું, ૨. પરમપણું, ૩ નિર્મળપણું, ૪. જ્ઞાનાદિ ચાર સ્વભાવપણું, ૫. પરમ નિરાલંબનપણું, ૬. સુનિશ્ચળપણું અને ૭. નિત્યપણું છે. તે આ રીતે --

**૧. આઠ કર્મથી રહિતપણું :** જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોથી



સહિત હોવાને કારણે સંસારદશા કર્મમળથી ખરડાયેલ સોપાધિક હોવાથી અશુદ્ધ છે. મોક્ષમાં આ કર્મોથી અત્યંત રહિત નિરૂપાધિક સ્વરૂપ હોવાથી તે આત્યંતિક પૂર્ણ શુદ્ધ છે.

**૨. પરમપણું :** ઔદયિકાદિ ચાર ભાવોથી વિલક્ષણ એવો પાંચમો પારિણામિકભાવ ત્રિકાળ નિરાવરણ, નિરાલંબી, નિર્ભેદ, નિર્લેપ, નિર્ભેળ અને નિર્મળ હોવાથી પરમ શુદ્ધ છે અને તેથી તે પરમ છે. પંચમભાવ એટલે કે પરમ શુદ્ધ એવા ત્રિકાળ નિરાવરણ પરમપારિણામિકભાવના આશ્રયે ઉત્પન્ન થતી પંચમગતિ એટલે કે મોક્ષ પણ પરમ છે. મોક્ષનું પરમપણું હોવાથી તે પૂર્ણ શુદ્ધ છે.

**૩. નિર્મળપણું :** મોક્ષમાં દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ જેવા કર્મમળનો અત્યંત અભાવ હોવાને કારણે તે પૂર્ણ નિર્મળ છે. પૂર્ણ નિર્મળતાના કારણે તે પૂર્ણ શુદ્ધ છે.

**૪. જ્ઞાનાદિ ચાર સ્વભાવપણું :** અનંતદર્શન-જ્ઞાન-ચારિત્ર-વીર્ય જેવા જ્ઞાનાદિ ચાર સહજ સ્વભાવોની પ્રગટતા મોક્ષમાં છે. સહજ સ્વભાવની પ્રગટતામાં કોઇ આવરણ, ઊણપ કે વિકૃતિ હોતી નથી. તેથી તે પૂર્ણ શુદ્ધ છે.

**૫. પરમ નિરાલંબનપણું :** સંસારદશામાં સાલંબીપણું હોવાથી તેમાં પરદ્રવ્યનું અવલંબન હોય છે. તેથી તે અશુદ્ધ છે. મોક્ષમાં પરમ નિરાલંબનપણું હોવાથી તેમાં પરદ્રવ્યનું કિંચિત્ પણ અવલંબન હોતું નથી. તેથી તે પૂર્ણ શુદ્ધ છે.

**૬. સુનિશ્ચળપણું :** મોક્ષદશા પોતાના ત્રિકાળ નિશ્ચય સહજ સ્વભાવને આશ્રયે ઉત્પન્ન થાય છે અને તે તેમાંથી જરાય ચ્યૂત થતી નથી. તેથી મોક્ષદશા સાદિ-અનંત ચળાચળતા રહિત સુનિશ્ચળપણે સુસ્થિત છે. આત્માની અશુદ્ધતા ચળાચળતાના કારણે હોય છે. સુનિશ્ચળ સ્વરૂપી મોક્ષમાં તેનો તદ્દન અભાવ હોવાથી તે પૂર્ણ શુદ્ધ છે.

**૭. નિત્યપણું :** મોક્ષદશા સાદિ-અનંત સુનિશ્ચળપણે સુસ્થિત છે. તેથી મોક્ષદશામાંથી ફરી સંસારદશા થતી નથી. સંસારદશા અશુદ્ધ હોવાથી જુદા જુદા પ્રકારે બદલાતી અનિત્ય છે. મોક્ષદશા કાયમ એક સરખી રહેતી નિત્ય છે. નિત્યપણાના કારણે મોક્ષદશા પૂર્ણ શુદ્ધ છે.

## ૨. પૂર્ણ સુખ

**આત્માની પૂરેપૂરી શાંતિ અને ભરપૂર સંતોષને પૂર્ણ સુખ કહે છે.**

સુખનું લક્ષણ નિરાકુળતા છે અને દુઃખનું લક્ષણ આકુળતા છે. પોતાના ત્રિકાળ ધ્રુવ શુદ્ધ સ્વરૂપમાં ઉપયોગની સ્થિરતા એ નિરાકુળતા છે અને સ્વરૂપમાંથી ચ્યૂત થઇને થતી અસ્થિરતા એ આકુળતા છે. સંસારમાં ઉપયોગની અસ્થિરતા અને આકુળતા હોય છે અને મોક્ષમાં ઉપયોગની સ્થિરતા અને નિરાકુળતા હોય છે.

મોક્ષમાં ઉપયોગની પૂર્ણ સ્થિરતા અને તેના કારણે થતું નિરાકુળતામય પૂર્ણ સુખ હોય છે. મોક્ષના પૂર્ણ સુખનું કારણ તેનું ૧. અનુપમપણું ૨. અતીન્દ્રિયપણું ૩. પુણ્યપાપથી વિમુક્તપણું અને ૪. અવ્યાબાધપણું છે. તે આ રીતે --

**૧. અનુપમપણું :** મોક્ષનું સુખ એ સંસારના કહેવાતા સુખથી તદ્દન ભિન્ન અને વિપરીત છે. તે સુખ એ આત્માની સહજ સ્વાભાવિક અવસ્થા છે. તેથી તેની કોઇની સાથે સરખામણી થઇ શકતી નથી. તેથી મોક્ષનું સુખ અનુપમ છે. અપૂર્ણ બાબત અનુપમ હોતી નથી પણ પૂર્ણ બાબત જ અનુપમ હોય છે. મોક્ષનું સુખ અનુપમ હોવાથી તે પૂર્ણ છે.

**૨. અતીન્દ્રિયપણું :** મોક્ષનું સુખ અતીન્દ્રિય છે. અતીન્દ્રિય હોવાના કારણે તે પૂર્ણ આત્મપ્રદેશોથી પૂર્ણ નિરાકુળપણે પ્રવર્તે છે. તેથી તે સુખ પૂર્ણ છે.

**૩. પુણ્યપાપથી વિમુકતપણું :** પુણ્યના ઉદયથી ઉત્પન્ન થતું કહેવાતું સાંસારિક સુખ પુણ્યોદય અનુસાર હાનિવૃદ્ધિવાળું છે. અને તે પાપના ઉદયથી ખંડિત પણ થાય છે. મોક્ષનું સુખ પુણ્યપાપથી વિમુકત હોવાથી હાનિવૃદ્ધિથી રહિત અને અખંડિત છે તેથી તે પૂર્ણ છે.

**૪. અવ્યાબાધપણુ :** મોક્ષનું અનંત સુખ વેદનીયકર્મના અભાવવાળું હોવાથી કોઇપણ પ્રકારની બાધા વગરનું હોય તેવું અવ્યાબાધ છે. અવ્યાબાધ સુખ નિર્વિઘ્ન હોય છે. તેથી તે સુખ પૂર્ણ છે.

## ૩. પૂર્ણ સાધ્ય

**જે બાબત અંતિમ ધ્યેય તરીકે પાર પાડવાની હોય તેને પૂર્ણ સાધ્ય કહે છે.**

મોક્ષમાં પરિપૂર્ણ સિદ્ધિ અને આત્યંતિક મુક્તિ હોવાથી તે પૂર્ણ સાધ્ય છે. જે પૂર્ણ સાધ્ય હોય તે પરમ ઉપાદેય હોય છે. અને જે પરમ ઉપાદેય હોય તે પૂર્ણ સાધ્ય પણ હોય છે. મોક્ષના પરમ ઉપાદેયપણું અને પૂર્ણ સાધ્યપણાનું કારણ તેનું ૧. જન્મજરામરણ રહિતપણું, ૨. અક્ષયપણું, ૩. અવિનાશપણું, ૪. અચ્છેદ્યપણું અને ૫.

પુનરાગમનવિરહિતપણું છે. તે આ રીતે —

**૧. જન્મજરામરણરહિતપણું** : મોક્ષ એ જન્મજરામરણરૂપ સંસારથી રહિત છે. સંસારથી રહિત હોવાને કારણે સાંસારિક આકુળતાથી રહિત છે. તેથી તે પૂર્ણ ઉપાદેય અને પૂર્ણ સાધ્ય છે.

**૨. અક્ષયપણું** : મોક્ષ એ સાદિ-સાંત મૂર્ત ઇન્દ્રિયાત્મક વિજાતીય વિભાવવ્યંજનપર્યાયથી રહિત હોવાને લીધે અક્ષય છે. અક્ષય હોવાને કારણે તે પરમ ઉપાદેય છે. અને તેથી તે પૂર્ણ સાધ્ય છે.

**૩. અવિનાશીપણું** : સંસારની ચાર ગતિ કર્મસાપેક્ષ હોવાથી વિનાશિક છે. ચાર ગતિથી વિલક્ષણ એવી પંચમગતિ એટલે કે મોક્ષ એ કર્મનિરપેક્ષ હોવાથી અવિનાશી છે. અવિનાશીપણાના કારણે પરમ ઉપાદેય અને પૂર્ણ સાધ્ય છે.

**૪. અચ્છેદ્યપણું** : મોક્ષમાં વધ-બંધન અને છેદન-ભેદનને યોગ્ય મૂર્તિક શરીરનો અભાવ છે. તેથી તે અચ્છેદ્ય છે. અચ્છેદ્ય હોવાથી પરમ ઉપાદેય અને તેથી પૂર્ણ સાધ્ય છે.

**૫. પુનરાગમનવિરહિતપણું** : મોક્ષમાં પુનરાગમનના હેતુભૂત મોહરાગદ્વેષાદિકનો સંપૂર્ણ અભાવ છે. પુનરાગમન વિરહિતપણાંના કારણે તે પરમ ઉપાદેય અને તેથી તે પૂર્ણ સાધ્ય છે.

*ઉપર મુજબ મોક્ષ એ પૂર્ણ શુદ્ધ.પૂર્ણ સુખ અને પૂર્ણ સાધ્ય હોવાથી મહિમાવંત છે.*

## મોક્ષપ્રાપ્તિનો ક્રમ

(હરિગીત)


**આયુક્ષયે ત્યાં શેષ કર્મનો ક્ષય થાય છે;**
**પણ સમયમાત્રે શીઘ્ર તે લોકાગ્ર પહોંચી જાય છે.**

ભાવાર્થ : સાધકદશાની પૂર્ણતા પ્રસંગે અરિહંત ભગવાન આયુના ક્ષયથી શેષ પ્રકૃતિઓનો સંપૂર્ણ નાશ થાય છે. ત્યારે મોક્ષ પામતો જીવ શીઘ્ર સમયમાત્રમાં લોકાગ્રે બિરાજે છે.
(નિયમસાર: ગાથા ૧૭૬)



સાધક દશાની પૂર્ણતા પ્રસંગે મોક્ષ પ્રાપ્તિના અંતિમ ચરણમાં અરિહંત ભગવાન અયોગી દશા પ્રાપ્ત કરે છે. અને અશેષ કર્મ પ્રકૃતિઓનો ક્ષયે ચૈતન્યગોળો શરીરથી છૂટી શીઘ્રગતિએ સમયમાત્રમાં લોકાગ્રે સિદ્ધશિલા ઉપર બિરાજે છે. આ રીતે મોક્ષ પામેલો જીવ અનેક તબકકાઓમાંથી પસાર થઇને મોક્ષ પામતો હોય છે. મોક્ષ પ્રાપ્તિનો આ ક્રમ મુખ્યત્વે નીચે મુજબની અવસ્થાનો હોય છે.

૧. આત્માર્થી
૨. સમ્યક્ત્વ-સન્મુખતા
૩. સમ્યગ્દર્શન
૪. શ્રાવકદશા
૫. સાધુદશા
૬. અરિહંતદશા
૭. અયોગીકેવળી
૮. મોક્ષ




*ઉપરોકત દરેક અવસ્થાની સંક્ષિપ્ત સમજૂતી નીચે આપવામાં આવે છે. આ સમજૂતીમાં અનુક્રમે જે તે અવસ્થાની ૧. વ્યાખ્યા, ૨. સ્વરૂપ, ૩. લક્ષણ, ૪. તે દશા કઇ રીતે પ્રગટે ? ૫. તે માટેની પાત્રતા અને ૬. તેનું મહત્વ આપવામાં આવેલ છે.*

### ૧. આત્માર્થી

વ્યાખ્યા : આત્મહિતના ઈચ્છુકને આત્માર્થીકહે છે. આત્માનું હિત મોક્ષમાં છે. તેથી આત્માર્થીને મોક્ષનો ઈચ્છુક એવો મુમુક્ષુ પણ કહે છે.

**સ્વરૂપ** : ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પ્રકારના પુરુષાર્થ પૈકી એક માત્ર મોક્ષનો જ પુરુષાર્થ પ્રવર્તતો હોય તેવો જીવ આત્માર્થી કે મુમુક્ષુ છે.

**લક્ષણ** : સંસારનો ત્રાસ, પરપદાર્થની તુચ્છતા, સ્વભાવનો મહિમા અને સ્વભાવ-સન્મુખતાનો પુરુષાર્થ એ આત્માર્થીના લક્ષણો છે.



**કઇ રીતે પ્રગટે** : સંસારમાં ક્યાંય સુખ નથી અને એક માત્ર આત્મામાં જ સુખ છે એ બાબતના જ્ઞાન-શ્રદ્ધાનથી આત્માર્થીપણું પ્રગટે છે. તે ઉપરાંત તત્ત્વનો નિર્ણય, સ્વચ્છંદની હાનિ, દેવ-ગુરુ પ્રત્યેની ભક્તિ, પોતાનો દોષ જોવામાં

અપક્ષપાતતા જેવા ઉપાયોથી આત્માર્થીપણું દઢ બને છે.

**પાત્રતા :** આત્માના લક્ષ અને રુચિપૂર્વકની કષાયની ઉપશાંતતા, વિષયાસક્તિની મંદતા, ભવનો ખેદ, સદ્‌વિચાર, સત્સંગ, કરૂણા, કોમળતા, સરળતા જેવા ગુણોથી આત્માર્થીની પાત્રતા હોય છે.

**મહત્વ :** પારમાર્થિક પંથનું પ્રથમ પગથિયું આત્માર્થી છે. આત્માર્થીતા વિના પારમાર્થિક પંથમાં એક ડગલુંય આગળ વધી શકાતું નથી. આત્માર્થીતાના કારણે અનાદિકાળનો સંસારના માર્ગે પ્રવર્તતો અવળો પુરુષાર્થ સવળો બની મોક્ષના માર્ગે પ્રવર્તે છે. આત્માર્થીપણું મજબૂત અને દઢ હોય તો પછી સાધકદશાનો સઘળો માર્ગ સરળ અને સહજ બને છે. તેથી સાચા મુમુક્ષુ કે આત્માર્થીનો મોક્ષમાર્ગ અને મોક્ષ પ્રશસ્ત બને છે.

## ૨. સમ્યક્ત્વ-સન્મુખતા

વ્યાખ્યા : આત્માર્થીપણું પ્રગટયા પછી સમ્યક્ત્વની નજીક હોય કે નજીકના ભવિષ્યમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ કરનારો હોય તેવો જીવ સમ્યક્ત્વ-સન્મુખતા ધરાવનારો કહેવાય છે.



**સ્વરૂપ :** સમ્યગ્દર્શન સુધી પહોંચતા પહેલાની પાંચ લબ્ધિઓની પ્રક્રિયામાં પ્રાયોગ્યલબ્ધિ સુધી પહોંચેલો જીવ સમ્યક્ત્વ-સન્મુખ હોય છે. એટલે કે પ્રાયોગ્યલબ્ધિ એ સમ્યક્ત્વ-સન્મુખ જીવનું સ્વરૂપ છે.

**લક્ષણ :** ચૈતન્યમય જીવન અને ભેદજ્ઞાનનો અભ્યાસ એ સમ્યક્ત્વ-સન્મુખ જીવનું લક્ષણ છે.

**કઈ રીતે પ્રગટે :** સમ્યગ્દર્શન પ્રાપ્તિનો ઉગ્ર અને કરડો પુરુષાર્થ કરવાથી સમ્યક્ત્વ-સન્મુખતા હોય છે.

**પાત્રતા :** ગૃહિત મિથ્યાત્વને મટાડનાર આત્માર્થી જીવ સમ્યક્ત્વ- સન્મુખતાને પાત્ર હોય છે.

**મહત્વ :** સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે સમ્યક્ત્વ-સન્મુખતા જરૂરી છે.

## ૩. સમ્યગ્દર્શન

વ્યાખ્યા : સંશય, વિપર્યય, અનધ્યવસાય, અનંતાનુબંધી કષાય અને વિપરીત અભિનિવેશના અભાવપૂર્વક સ્વ-પરના ભેદજ્ઞાન તેમજ સમ્યક્ત્વાચરણ ચારિત્ર સહિતના શુદ્ધાત્માના શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહે છે.

**સ્વરૂપ :** સમ્યગ્દષ્ટિ જીવ દ્રવ્યદષ્ટિ ધરાવનારો હોય છે. તેને મિથ્યાત્વ સંબંધીના અનંતાનુબંધી રાગનો અભાવ હોય છે. મિથ્યાત્વ ટળી ગયા પછી જે રાગ હોય તે અભિપ્રાયપૂર્વકનો કહેવાતો નથી અને અસ્થિરતાપૂર્વકનો કહેવાય છે. અને તે રાગ સાથેનું એકત્વ, મમત્વ કે કર્તૃત્વ પણ તેને હોતું નથી.

**લક્ષણ :** નિઃશંકિતાદિ આઠ ગુણો એ સમ્યગ્દર્શનનું લક્ષણ છે.

**કઈ રીતે પ્રગટે ? :** ગૃહિત મિથ્યાત્વ ઉપરાંત અગૃહિત મિથ્યાત્વનો પણ સમૂળગો અભાવ અને સ્વ-પરના ભેદજ્ઞાન દ્વારા શુદ્ધાત્માનો આશ્રય થવાથી થતા સ્વપ્રકાશક સ્વસંવેદનાત્મક શુદ્ધાત્માના શ્રદ્ધાનથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે.

**પાત્રતા :** શુદ્ધાત્માની રુચિ અને લક્ષ્યથી માંડીને કરણલબ્ધિ સુધી પહોંચેલ જીવ સમ્યગ્દર્શનની પાત્રતા ધરાવે છે.

**મહત્વ :** જે જીવને સમ્યગ્દર્શન થાય છે તે જીવનો મોક્ષ નક્કી હોય છે. સમ્યગ્દર્શન થતા આત્માના અનંતાગુણોની યથાસંભવ આંશિક શુદ્ધતા પ્રગટે છે. સમ્યગ્દર્શન વગર જ્ઞાન અને ચારિત્ર એ સમ્યક્ કહેવાતા નથી. મોક્ષની પ્રાપ્તિ માટે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ એ અનિવાર્ય આવશ્યકતા છે.

## ૪. શ્રાવકદશા

વ્યાખ્યા : અનંતાનુબંધી કષાય ઉપરાંત અપ્રત્યાખ્યાનાવરણીય કષાયનો અભાવ કરનારા સમ્યગ્દષ્ટિ ગૃહસ્થની અવસ્થાને શ્રાવકદશા કહે છે.

**સ્વરૂપ :** દેશ સંયમ ધરાવનારો ગૃહસ્થ શ્રાવક હોય છે. દેશસંયમના કારણે છ કાય જીવોની સ્થૂળ હિંસાથી તે

બચનારો હોય છે.

વૈરાગ્યની પ્રકર્ષતા અનુસાર શ્રાવકની ઉત્તરોત્તર ચઢિયાતી અગીયાર શ્રેણીઓ છે. જેને શ્રાવકની અગીયાર પ્રતિમા કહે છે. અગીયારમી પ્રતિમા ધારક શ્રાવક એ સાધુ જીવનની નજીકનો હોય છે.

**લક્ષણ :** આઠ પ્રકારના મૂળગુણ, બાર પ્રકારના વ્રત અને છ પ્રકારના આવશ્યક એ શ્રાવકનું લક્ષણ છે.

**કઈ રીતે પ્રગટે ? :** અનંતાનુબંધી ઉપરાંત અપ્રત્યાખ્યાનાવરણીય કષાયનો અભાવ કરવાથી શ્રાવકદશા પ્રગટે છે.

**પાત્રતા :** સંયમી આત્માર્થી અને અવિરત સમ્યગ્દષ્ટિ શ્રાવકદશાને પાત્ર છે.

**મહત્વ :** ગૃહસ્થદશામાં વિવેકપૂર્વક જીવન જીવવા માટે અને મોક્ષમાર્ગની આરાધનામાં આગળ વધવા માટે શ્રાવકદશા ઉપકારી છે.



## ૫. સાધુ દશા

**વ્યાખ્યા : અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય એ ત્રણ કષાયના અભાવપૂર્વક છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની પ્રમત્ત-અપ્રમત દશામાં ઝૂલનાર સકળ સંયમી ધર્માત્માને સાધુ કહેવાય છે.**

**સ્વરૂપ :** નિગ્રંથ, નિર્મોહ, નિષ્પરિગ્રહી, ઉપસર્ગ-પરિગ્રહમાં અડગ રહેનાર અને આત્માના પ્રચુર સ્વસંવેદનપૂર્વક અતીન્દ્રિય આનંદનો અનુભવ કરનાર સાધુ હોય છે.

સાધુ દશા એ શમ-દમ-યમનું નિવાસસ્થાન છે. સમસ્ત ચારિત્રનું મંદિર છે. વૈરાગ્યની મૂર્તિ છે. નિર્મળ દિશાઓ એ સાધુના વસ્ત્રો છે. ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મો તેમનાં આભૂષણો છે. મનોજય એ તેમની મનોહર માળા છે. ધીરતા અને વીરતા તેમના બાજુબંધ છે. સંયમ અને સદાચાર તેમના પગની પાદુકાઓ છે. પરમ સૌમ્યદશા એ તેમના માથાનો મુગટ છે. જેમાં અનંત ગુણરૂપ મણિઓ જડેલા છે. જિનેન્દ્ર ભગવાનના લઘુનંદન સમાન સાધુરાજ એ હાલતાચાલતા સિદ્ધ ભગવાન સમાન છે. ધન્ય તે નિગ્રંથ સાધુ દશા!

**લક્ષણ :** અઠ્ઠાવીસ પ્રકારના મૂળગુણો એ સાધુ દશાનું લક્ષણ છે.

**કઈ રીતે પ્રગટે ? :** બાર પ્રકારની વૈરાગ્યની ભાવના ભાવતા સ્વરૂપ-સ્થિરતાના ઉગ્ર પુરુષાર્થથી સાધુ દશા પ્રગટે છે.

**પાત્રતા :** સંસાર પ્રત્યેનો તીવ્ર વૈરાગ્ય એ સાધુદશા પ્રગટવાની પાત્રતા છે.

**મહત્વ :** સાધુ દશા એ મોક્ષની નિકટની દશા છે. સાધુ દશા વિના કેવળજ્ઞાન અને મોક્ષ પ્રગટતા નથી. તેથી કોઈ જીવ સાધુ દશાને ઉલ્લંઘીને સીધો મોક્ષ પામી શકતો નથી. આવી સાધુ દશા મનુષ્યપર્યાયમાં અને પુરુષલિંગમાં જ હોય છે.

## ૬. અરિહંત દશા

**વ્યાખ્યા : સમસ્ત ઘાતિકર્મોના અભાવથી ઉત્પન્ન થતી વીતરાગ-સર્વજ્ઞદશાને અરિહંત દશા કહે છે.**

**સ્વરૂપ :** અઢાર દોષોથી રહિત નિરાલંબી પરમ ઔદારિક શરીર ધરાવનારા અરિહંત ભગવાન હોય છે.

અરિહંત દશામાં યોગનો સદ્‌ભાવ હોવાથી તે સયોગી કેવળી પણ કહેવાય છે.

અરિહંત ભગવાનમાં તીર્થંકર નામકર્મનો ઉદય ધરાવનારાને તીર્થંકર કહે છે. તેઓ ૪૬ ગુણોના ધારક, સમવસરણાદિ વિભૂતિથી વિભૂષિત અને દિવ્યધ્વનિ વડે ભવ્ય જીવોને મોક્ષમાર્ગનો હિતોપદેશ આપનારા હોય છે.

અરિહંત દશામાં ઘાતિકર્મોનો અભાવ હોવા છતાં અઘાતિકર્મોનો અભાવ નથી. તેથી ભાવમોક્ષ છે પણ દ્રવ્યમોક્ષ નથી. પણ આ અરિહંત ભગવાન અઘાતિકર્મોનો અભાવ થતા ભાવમોક્ષને એટલે કે સિદ્ધદશાને પ્રાપ્ત થાય છે.

**લક્ષણ :** અનંત ચતુષ્ટય એ અરિહંત ભગવાનનું લક્ષણ છે.

**કઈ રીતે પ્રગટે ? :** જે મુનિ શુક્લધ્યાનની ક્ષપકશ્રેણીમાં આરૂઢ થઈને, સમસ્ત ઘાતિકર્મોનો ક્ષય કરીને, અંતર્મુહૂર્તકાળમાં તેરમા ગુણસ્થાનના કેવળજ્ઞાનને પ્રાપ્ત

કરે છે તે અરિહંત દશાને પ્રાપ્ત થાય છે.


**પાત્રતા** : વજ્રઋષભનારાચ સંહનન ધરાવનાર મુનિ શુકલધ્યાનને યોગ્ય હોવાથી તે અરિહંત દશાને પાત્ર હોય છે.

**મહત્વ** : અરિહંત દશામાં દિવ્યધ્વનિનો હિતોપદેશ સંભવતો હોવાથી તે આત્મહિતનું ઉત્કૃષ્ટ નિમિત્ત છે. અરિહંત ભગવાનનું સાક્ષાત્ ઉપકારીપણું છે. તેથી ણમોકાર મંત્રમાં અરિહંત ભગવાનનું નામ સિદ્ધ ભગવાનથી પણ પહેલાં લેવામાં આવે છે.

## ૭. અયોગી કેવળી

વ્યાખ્યા : **અરિહંત ભગવાન યોગનિરોધ દ્વારા ચૌદમા ગુણસ્થાનની અયોગી દશાને પ્રાપ્ત થાય તેને અયોગી કેવળી કહે છે.**

**સ્વરૂપ** : નિર્વાણનો સમય નજીક આવતા અરિહંત ભગવાન જમીનથી વીસ હજાર હાથ ઊંચે હતા તે નીચે જમીન પર આવી જાય છે અને શુકલ ધ્યાનના ચોથા પાયા પર આરૂઢ થાય છે તે અયોગી કેવળીનું સ્વરૂપ છે.



**લક્ષણ** : મન-વચન-કાયાના યોગનો સંપૂર્ણ અભાવ અને શૈલેશીપણું એ અયોગી કેવળીનું લક્ષણ છે.

**કઈ રીતે પ્રગટે ?** : અરિહંત ભગવાનને અઘાતિકર્મોનો ઉદય પૂરો થવા આવે ત્યારે નિર્વાણનો સમય નજીક આવે છે ત્યારે યોગનો નિરોધ થાય છે. કોઈ અરિહંત ભગવાનને અઘાતિકર્મોમાં આયુકર્મનો ઉદય પૂરો થવા આવે પણ બાકીના નામ, ગોત્ર કે વેદનીય પૈકી કોઈ કર્મોનો ઉદય બાકી રહેતો હોય તો ભગવાન કેવળી સમુદ્દઘાત પામે છે. ત્યારપછી યોગનો નિરોધ થાય છે. યોગનિરોધમાં આત્મપ્રદેશોનું પરિસ્પંદન અટકી જાય છે. અરિહંતમાં જે તીર્થંકર કે સાતિશય કેવળીપણે હોય તેમનો દિવ્યધ્વનિનો ઉપદેશ બંધ થાય છે. અને ભગવાનનો પરમ ઔદારિક દેહ અદ્ધર આકાશમાં હોય તે નીચે જમીન ઉપર આવી જાય છે. ત્યારે ભગવાન ચૌદમાં ગુણસ્થાનની અયોગીદશાનું શૈલેશીપણું પામે છે. આ અયોગી દશાનો સમય બહુ અલ્પ હોય છે. અને તે લઘુમાત્રા ધારક પાંચ હ્રસ્વ સ્વરો ( *अ, इ, उ, ऋ, लृ* ) ના ઉચ્ચારણ જેટલા સમયનો હોય છે. તેટલા સમયમાં અયોગીકેવળી ભગવાન સંપૂર્ણ અઘાતિકર્મોનો અભાવ કરી ચરમ શુકલ ધ્યાનના બળે ચૈતન્યગોળો છૂટો પડી સમયમાત્રમાં સ્વાભાવિક શીઘ્ર ઊર્ધ્વગતિ વડે લોકાગ્રે અશરીરી દશામાં બિરાજમાન થાય છે. આ અશરીરી સિદ્ધ ભગવાન ધર્માસ્તિકાય દ્રવ્ય છે ત્યાં સુધી લોકના અગ્ર ભાગ સુધી જાય છે. પણ લોકની બહાર જતા નથી. ભગવાનનો નિર્વાણ થતા પાછળ રહી ગયેલું ઔદારિક શરીર કપુરની ટીકડીની જેમ આપમેળે ઊડી જાય છે. માત્ર નખ અને કેશ બાકી રહે છે. તીર્થંકર ભગવાનના આવા નખ અને કેશના આધારે ઇન્દ્રો માયામયી સંપૂર્ણ શરીરની રચના કરી પવિત્ર અગ્નિ વડે તેમનો અગ્નિ સંસ્કાર કરી ભગવાનનો નિર્વાણ કલ્યાણકનો મહોત્સવ મનાવી ભગવાનનું નિર્વાણપૂજન અને ભક્તિ કરે છે.

**પાત્રતા** : સયોગીકેવળીનો આયુષ્યનો ઉદય પૂરો થવા આવવો તે જ અયોગીકેવળી પ્રગટવાની પાત્રતા છે.

**મહત્વ** : અયોગીકેવળીની અવસ્થા એ મોક્ષમાર્ગનું અંતિમ ચરણ છે. તેથી તેના પછી તુરત જ મોક્ષદશા પ્રગટે છે.

## ૮. મોક્ષ

વ્યાખ્યા : **સંપૂર્ણ કર્મોના આત્યંતિક અભાવથી ઉત્પન્ન થતી આત્માની મુકત દશાને મોક્ષ કહે છે.**

**સ્વરૂપ** : મોક્ષ પામેલ પરમાત્માના બધા પારમાર્થિક પ્રયોજનો પાર પડેલ હોવાથી તેઓ સિદ્ધ ભગવાન તરીકે ઓળખાય છે. સિદ્ધ ભગવાન પોતાના શુદ્ધસ્વરૂપમાં શાશ્વત સ્થિત રહી લોકાગ્રે સિદ્ધશિલા ઉપર અશરીરી દશામાં બિરાજમાન હોય છે.

અશરીરી સિદ્ધ ભગવાન ચરમદેહથી કિંચિત્ ન્યૂન આકારે હોય છે અને જ્યાં એક સિદ્ધ ભગવાન બિરાજતા હોય ત્યાં બીજા અનંત સિદ્ધ ભગવંતો પણ તે ક્ષેત્રને સ્પર્શીને રહેલા હોય છે. સિદ્ધ દશામાં ભાવમોક્ષ ઉપરાંત દ્રવ્યમોક્ષ છે અને તેથી ત્યાં સંસારનો સંપૂર્ણ અભાવ છે.

**લક્ષણ** : આઠ કર્મોના અભાવથી પ્રગટ થતા આઠ મહાગુણો એ સિદ્ધ ભગવાનનું લક્ષણ છે.

**કઈ રીતે પ્રગટે ?** : સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપરૂપ મોક્ષમાર્ગની આરાધના વડે મોક્ષદશા પ્રગટે છે.

**પાત્રતા** : આત્મપ્રાપ્તિનો પુરુષાર્થ કરનાર ભવ્યજીવ મોક્ષને પાત્ર હોય છે.

**મહત્વ :** મોક્ષદશા વિના સંસાર અને તેના દુઃખોનો અંત આવતો નથી. ભવ્યજીવનું અંતિમ ધ્યેય કે લક્ષ મોક્ષદશા છે.

ઉપર મુજબ મોક્ષ પ્રાપ્તિના ક્રમની સમજૂતી છે. તેમાં અંતિમ બે અયોગી કેવળી અને મોક્ષની સમજૂતીમાં કેવળી સમુદ્દઘાત, શૈલેશીપણું, ઊર્ધ્વ અને શીઘ્ર ગતિ, ચરમ દેહથી કિંચિત્ ન્યૂનપણું, લોકથી બહાર ન જવું, એક સિદ્ધમાં અનંત સિદ્ધ ભગવંતો જેવી બાબતો છે. તેનું વધુ સ્પષ્ટીકરણ આ નીચે પ્રશ્નોત્તર દ્વારા આપવામાં આવે છે.

**પ્રશ્ન :** કેવળીસમુદ્દઘાત એટલે શું ? તેની સમજૂતી આપો.

**ઉત્તર :** મૂળ ઔદારિક શરીરને છોડ્યા વિના જીવના પ્રદેશોનું તૈજસ-કાર્માણ શરીર સાથે બહાર નીકળવાની ઘટનાને સમુદ્દઘાત કહે છે. મોક્ષ પામતા પહેલા થતા અરિહંત કેવળીના સમદ્દઘાતને કેવળીસમુદ્દઘાત કહે છે.



મોક્ષ પામતા પહેલા અરિહંત ભગવાનની આયુકર્મની સ્થિતિ પહેલાં પૂરી થતી હોઇ અને બાકીના નામ-ગોત્ર-વેદનીય કર્મોની સ્થિતિ બાકી રહેતી હોઇ તેવા સંજોગોમાં આયુકર્મ જેટલી બાકીના કર્મોની સ્થિતિ કરવા માટે અંતર્મુહૂર્તનું આયુ બાકી રહે ત્યારે થતા અરિહંત કેવળીના સમુદ્દઘાતને કેવળીસમુદ્દઘાત કહે છે.

કેવળીસમુદ્દઘાતમાં કુલ આઠ સમય જાય છે. તેમાં પ્રથમ સમયે અરિહંત કેવળીના આત્મપ્રદેશોનું ઉત્તર-દક્ષિણના ઉપર-નીચેના વાતવલય સિવાયના ઉપર-નીચે ચૌદ રાજૂ પ્રમાણ ફેલાવાને **દંડરૂપ સમુદ્દઘાત**, ત્યારપછી બીજા સમયે પૂર્વ-પશ્ચિમના આજુબાજુના વાતવલય સિવાય આજુબાજુના લોકના ક્ષેત્રમાં ફેલાવાને **કપાટરૂપ સમુદ્દઘાત**, ત્યારપછી ત્રીજા સમયે વાતવલય સિવાયના બાકીના સમસ્ત લોકમાં વ્યાપ્ત થવાને **પ્રતરરૂપ સમુદ્દઘાત** અને ત્યારપછીના ચોથા સમયે વાતવલય સહિતના સંપૂર્ણ લોકમાં આત્મપ્રદેશોના ફેલાવાને **લોકપૂરણ સમુદ્દઘાત** કહે છે. ત્યારપછી તે પ્રદેશો ફરી પાછા સંકોચાઇને પાંચમાં સમયે પ્રતરરૂપ, છઠ્ઠા સમયે કપાટરૂપ, સાતમા સમયે દંડરૂપ સ્થિતિ ધારણ કરીને આઠમાં સમયે મૂળ શરીરમાં ફરીથી પ્રવેશી અગાઉ જેવી સ્થિતિ પામે છે.

કેવળી સમુદ્દઘાતને કારણે જેમ ભીના વસ્ત્રને પહોળું કરી ફેલાવતા તે જલ્દીથી સૂકાઇ જાય છે, તેમ અલ્પક્ષેત્રમાં રહેલા આત્મપ્રદેશો સંપૂર્ણ લોકપ્રમાણ વિસ્તારમાં ફેલાઇ જતા કર્મોની સ્થિતિના કારણરૂપ ચીકાશ ઘટી જાય છે. તેથી બાકી રહેલા નામ-ગોત્ર-વેદનીય એ ત્રણે કર્મોની જે કોઇ વધારાની સ્થિતિ હોય તેઆયુકર્મ જેટલી અંતર્મુહૂર્તની થઇ જાય છે.

આ રીતે અરિહંત ભગવાન કેવળી સમુદ્દઘાત વડે નામ-ગોત્ર-વેદનીયકર્મોની સ્થિતિ આયુ સમાન કરીને ત્યારપછી તુરત જ શૈલેશીપણાને પામે છે.

**પ્રશ્ન :** શૈલેશીપણું એટલે શું ?

**ઉત્તર :** શીલના ઇશને શૈલેશીપણું કહે છે. શીલસંબંધી ૮૪ લાખ ગુણો છે. તે બધા ગુણોનું સ્વામીપણું તે શૈલેશીપણું છે.

અરિહંત ભગવાન મોક્ષ જતા પહેલા યોગનિરોધ કરી ચૌદમા ગુણસ્થાનની અયોગીદશાને પામે ત્યારે શીલસંબંધી સઘળાં ૮૪ લાખ ગુણો પૂરા થાય છે. તેથી સયોગી કેવળીની દશા તે શૈલેશીપણું છે.

અયોગી કેવળીનો શૈલેશીપણાને પામેલો જીવ દેહથી ચૈતન્યગોળો છૂટો પાડી સ્વાભાવિક ઊર્ધ્વગતિ વડે લોકાગ્રે મુકતદશામાં બિરાજમાન થાય છે.

**પ્રશ્ન :** મુકત જીવ શા માટે ઊર્ધ્વગતિ પામે છે અને અધોગતિ પામતો નથી ?


**ઉત્તર :** વૃક્ષમાંથી છૂટું પડેલું ફળ નીચે આવે છે તેમ મુકત જીવ નીચે આવતો નથી. કેમ કે, પુદ્દગલ સ્કંધમાં એવો અધોગુરુત્વગુણ છે કે જેના કારણે તે બંધનમુકત થતા જેટલો જઇ શકે તેટલો અધોગતિ પામી નીચે આવે છે. તેમ મુકતજીવમાં એવો ઊર્ધ્વગુરુત્વગુણ છે કે જેના કારણે તે જ્યાં સુધી જઇ શકે ત્યાં સુધી ઊર્ધ્વગતિ વડે લોકના અગ્રભાગ સુધી પહોંચે છે.

**પ્રશ્ન :** મોક્ષ પામતા જીવની ઊર્ધ્વગતિનું કારણ સમજાવો.

**ઉત્તર :** મોક્ષ પામતા જીવની ઊર્ધ્વગતિના મુખ્ય ત્રણ કારણો છે—

૧. સ્વભાવ, ૨. બંધનછેદ અને ૩. અસંગતા

### ૧. સ્વભાવ




સામાન્ય રીતે સંસારી જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં જવાની વિગ્રહગતિમાં પોતાના મરણના સ્થાનથી ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ અને ઉપર-નીચે મળીને કુલ છ દિશાઓ પૈકી કોઇ દિશામાં ગમન કરે છે. છ દિશાઓનું સંસારી જીવનું આ પ્રકારનું ગમન કર્મસાપેક્ષ અશુદ્ધ કે વિભાવિક છે. તેથી આ છ દિશાઓના ગમનને અપક્રમ કહે છે. મોક્ષ પામતો જીવ અપક્રમ ગમનને પામતો નથી. કેમ કે, મોક્ષ પામતા જીવનું ગમન કર્મનિરપેક્ષ હોવાથી શુદ્ધ કે સ્વાભાવિક હોય છે. સ્વાભાવિક ગમન હંમેશા ઊર્ધ્વ જ હોય છે. તેથી મુકત જીવનું શુદ્ધ કે સ્વાભાવિક ગમન ઊર્ધ્વગતિ છે. જેમ અગ્નિની જ્યોતનો સ્વભાવ ઊર્ધ્વગતિનો છે તેથી કોઇ પવન જેવી બાધા ન હોય તેવા સંજોગોમાં અગ્નિની જ્યોત પોતાના સ્વભાવથી જ ઊર્ધ્વગમન પામે છે. તેમ શુદ્ધ આત્માનો સ્વભાવ ઊર્ધ્વગતિ છે. તેથી કોઇ કર્મજન્ય બાધા ન હોય તેવા સંજોગોમાં તે પોતાના સ્વભાવથી જ ઊર્ધ્વગતિ પામે છે.

મોક્ષ પામતા જીવને સ્વાભાવિક ઊર્ધ્વગતિને પ્રતિબંધક આયુકર્મનો અભાવ થતાં જ મુકતાત્મા ઊર્ધ્વગતિ વડે પોતાના શાશ્વત સ્થાન સિદ્ધશિલા તરફ લોકાગ્રે જાય છે.

સ્વાભાવિક શુદ્ધ ગતિ પોતાના સ્થાન તરફની જ હોય છે. મુકતજીવનું સ્થાન ઊર્ધ્વદિશાની સમશ્રેણીએ આવેલ સિદ્ધશિલા ઉપર આવેલ લોકનો અગ્રભાગ છે. તેથી મોક્ષ પામતો જીવ ઊર્ધ્વગતિ વડે સિદ્ધશિલા ઉપર લોકાગ્રે પહોંચે છે.

### ૨. બંધનછેદ

જેમ બેડીથી બંધાયેલ માણસ પોતાની સ્વતંત્ર ગતિ કરી શકતો નથી તેમ કર્મથી બંધાયેલ જીવ પોતાની સ્વતંત્ર ગતિ કરી શકતો નથી. મોક્ષ પામતો જીવ કર્મબંધનનો છેદ કરનારો હોવાથી તે પોતાની સ્વતંત્ર સ્વાભાવિક ગતિને પામે છે જે ઊર્ધ્વગતિ હોય છે. જેમ એરંડાના સૂકા બીજનું ઉપરનું પડ તૂટે છે ત્યારે અંદરનું છૂટું પડેલું બીજ એકદમ ઊછળીને ઉપર જાય છે તેમ જીવના કર્મબંધનનું પડ તૂટે છે ત્યારે અંદરનો છૂટો પડેલો ચૈતન્યગોળો એકદમ ઊછળીને ઊર્ધ્વગમન પામે છે.



### ૩. અસંગતા

દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મના સંગના કારણે સંસારી જીવની વિભાવિક વક્રગતિ હોય છે જે આડીઅવળી ગમે તેમ હોય છે. મોક્ષ પામતાં જીવની અસંગતાના કારણે સ્વાભાવિક સુરેખગતિ હોય છે જે ઊર્ધ્વ તરફની હોય છે.


જેમ કોઇ તૂંબડું માટીના લેપવાળું હોય ત્યાં સુધી પાણીમાં ડૂબેલું રહી આમતેમ ફર્યા કરે છે. પણ જ્યારે માટીનો લેપ ગળી જાય અને બધી માટી દૂર થઇ જાય તે તુરત જ સ્વયં ઉર્ધ્વગમન સ્વભાવ વડે પાણીની સપાટી ઉપર આવી જાય છે. તેમ કોઇ જીવ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મના સંગવાળો હોય ત્યાં સુધી સંસારસમુદ્રમાં ડૂબેલો રહી લોકમાં ચારેબાજુ ભટકયા કરે છે. પણ જ્યારે કર્મનો સંગ ટળી જાય અને સમસ્ત કર્મ દૂર થઇ જાય કે તુરત જ સ્વયં ઊર્ધ્વગમન સ્વભાવ વડે સંસારસમુદ્રથી ઉપર ઊઠી લોકના અગ્રે બિરાજમાન થાય છે.

મોક્ષ પામતા જીવની આ સ્વાભાવિક ઊર્ધ્વગતિ એક સમયમાત્રની શીઘ્રગતિ હોય છે. તેથી તે એક સમયમાત્રમાં સમગ્ર લોકને ઊલ્લંઘીને લોકાગ્રે પહોંચી જાય છે.

**પ્રશ્ન :** મોક્ષ પામતો જીવ ઊર્ધ્વગતિમાં સમગ્ર લોકને ઊલ્લંઘી શકે તેવી શીઘ્રગતિ કઇ રીતે પામી શકે?

**ઉત્તર :** મુકત જીવની ઊર્ધ્વગતિ એ તેની શુદ્ધ સ્વાભાવિક ગતિ છે. કોઇપણ શુદ્ધ સ્વાભાવિક અવસ્થા હંમેશાં પરિપૂર્ણ જ હોય છે. તેથી સ્વાભાવિક ગતિ પણ પરિપૂર્ણ જ હોય છે. પરિપૂર્ણ સ્વભાવને કોઇ મર્યાદા હોતી નથી. તેથી સ્વાભાવિક ઊર્ધ્વગતિ વડે જીવ સમયમાત્રમાં જ પોતાના ગંતવ્યસ્થાને પહોંચી જાય છે. એટલે કે લોકાગ્રે પહોંચી જાય તેવી શીઘ્રગતિ હોય છે. પરિપૂર્ણ સ્વાભાવિક ઊર્ધ્વગતિ એવી અમર્યાદિત હોય છે કે એક લોક જેવા બીજા અનેક લોક હોય તો પણ તેને સમયમાત્રમાં ઊલ્લંઘી જાય. પુદ્ગલદ્રવ્યનો એક છૂટો શુદ્ધ પરમાણુ પણ પોતાની સ્વાભાવિક ઊર્ધ્વગતિના કારણે લોકના તળીએથી ટોચ સુધીની

ચૌદ રાજૂની ઊંચાઇને સમયમાત્રમાં ઉલ્લંઘી જાય છે. તેમ મુકત જીવ પણ પોતાની સ્વાભાવિક ઊર્ધ્વગતિના કારણે સમયમાત્રમાં સમશ્રેણીએ લોકાગ્રે સિદ્ધશિલા ઉપર સિદ્ધ ભગવાન તરીકે બિરાજે છે.



સિદ્ધશિલા ઉપર બિરાજમાન સિદ્ધ ભગવાન અશરીરી છે તો પણ ચરમદેહથી કિંચિત્ ન્યૂન આકારે હોય છે.

**પ્રશ્ન :** અશરીરી સિદ્ધ ભગવાન ચરમદેહથી કિંચિત્ ન્યૂન આકારે શા માટે હોય છે?

**ઉત્તર :** હયાતિ ધરાવનારો કોઇપણ પદાર્થ તેની આકૃતિ કે ઘાટ એટલે કે આકાર વગરનો હોતો નથી. સિદ્ધ ભગવાન અશરીરી હોવા છતાં તેની હયાતિ હોવાથી તેમને કોઇ આકાર હોય છે. સંસારી જીવ તેના શરીરના આકારે હોય છે. સંસારી જીવનું શરીર પ્રમાણપણું તેના નામકર્મના કારણે હોય છે. નામકર્મના કારણે શરીર હોય છે અને યોગના કારણે જીવ સંકોચ-વિસ્તાર પામી શરીર પ્રમાણ આકાર ધારણ કરે છે. મૂળભૂતપણે જીવ લોકાકાશ પ્રમાણ અસંખ્યપ્રદેશી હોવા છતાં હાથીના શરીરમાં હાથીના આકારે અને કીડીના શરીરમાં કીડીના આકારે દેહપ્રમાણપણું ધરાવે છે.

લોકાકાશ પ્રમાણ અસંખ્યપ્રદેશી જીવ સંકોચ-વિસ્તારના કારણે શરીર પ્રમાણ આકાર ધરાવે છે. જીવનો આ સંકોચવિસ્તાર કર્મજન્ય ઉપાધિ અને સયોગીદશાના કારણે હોય છે. મુકત જીવમાં કર્મજન્ય ઉપાધિ અને સયોગીદશાનો અભાવ હોવાથી તે સંકોચ-વિસ્તારથી રહિત બની જાય છે. તેથી ચરમદેહના આકારે તેનો આકાર રહી જાય છે.

જેમ લોખંડના ગરમ રસમાં તરલપણું હોવાથી તે જે પ્રકારના બીબાંમાં ટાળવામાં આવે તેવો આકાર ધારણ કરે છે. પછી તે લોખંડનો રસ ઠંડો પડતા તરલતા વિનાની ઘન સ્થિતિમાં આવી જાય છે અને ત્યારે બીબું છૂટું પડવા છતાં તે બીબાંના આકારે બન્યું રહે છે. તેમ જીવની અશુદ્ધ અવસ્થામાં સંકોચ-વિસ્તાર હોવાથી તે જે પ્રકારના શરીરમાં હોય તેવો આકાર ધારણ કરે છે. પછી તે જીવની શુદ્ધ દશા થતા તે સંકોચ-વિસ્તાર વિનાની ચિદ્ઘન સ્થિતિમાં આવી જાય છે અને ત્યારે શુદ્ધ જીવ શરીર છૂટું પડવા છતાં શરીરના આકારે બન્યો રહે છે.



શુદ્ધ અવસ્થા ધરાવતો મુકત જીવ ચિદ્ઘન સ્વરૂપે પ્રગટ થતો હોવાથી આંખ, કાન, નાક, છાતી, પેટ વગેરેના પોલાણના ભાગ પૂરાઇ જતા ચરમદેહથી કિંચિત્ ન્યૂન આકાર ધારણ કરી ઊર્ધ્વગતિ વડે લોકના અગ્રે સિદ્ધશિલા ઉપર સિદ્ધ ભગવાન તરીકે બિરાજે છે.

આ સિદ્ધ ભગવાન લોકના અગ્રે તનુવાતવલયના એકદમ ઉપરના ભાગે આવે તે રીતે લોકાગ્રે સિદ્ધશિલાના ઉપરના ભાગે સ્થિત રહે છે. અને તેઓ લોકની બહાર જતા નથી.

**પ્રશ્ન :** સિદ્ધ ભગવાન લોકની બહાર શા માટે જતા નથી ?

**ઉત્તર :** નીચે જેવા કારણોસર સિદ્ધ ભગવાન લોકની બહાર જતા નથી.

૧. લોકનું દ્રવ્ય લોકની અંદર જ હોય અને લોકની બહાર હોય નહિ. સિદ્ધ ભગવાન પણ લોકનું જ એક દ્રવ્ય છે. અને તેમનું સ્થાન સિદ્ધશિલા ઉપર લોકાગ્રનું છે. તેથી સિદ્ધ ભગવાન લોકની બહાર જતા નથી.

૨. લોકની બહાર ગતિના કારણભૂત ધર્માસ્તિકાય દ્રવ્ય અને ગતિપૂર્વકની સ્થિતિના કારણભૂત અધર્માસ્તિકાય દ્રવ્ય નથી. તેથી લોકની બહાર સિદ્ધ ભગવાનની ગતિ અને ગતિપૂર્વકની સ્થિતિ સંભવતી નથી.

૩. અનંત પ્રમાણ વિસ્તરેલા આકાશદ્રવ્યના જેટલા ભાગમાં જીવાદિ છ દ્રવ્યો હોય તેને લોક અને બાકીના ભાગને અલોક કહે છે. જો લોકની બહાર અલોકમાં પણ સિદ્ધ ભગવાનનું ગમન માનવામાં આવે તો લોક અને અલોકનો વિભાગ જ બને નહિ.

૪. અલોકનો કયાંય અંત જ નથી. સિદ્ધ ભગવાન લોકની બહાર અલોકમાં પણ ગતિ પામે તો તેમની ગતિ નિરર્ગળ થઇ જાય. અને તેની સ્થિતિ તો કદાપિ થાય જ નહિ.

૫. સિદ્ધ ભગવાન અલોકમાં અમુક અંતર આગળ વધીને સ્થિતિ પામે તેવું પણ શકય નથી. લોક ચૌદ રાજૂ ઊંચો છે અને અલોક અનંત છે. કોઇ સિદ્ધ ભગવાન લોકની બહાર અલોકમાં એકાદ રાજૂ આગળ વધી પંદર રાજૂએ સ્થિતિ પામે તો જ્યાં તેઓ સ્થિતિ પામે તે લોકનો અગ્રભાગ કહેવાય અને તેથી લોકનો વિસ્તાર તેટલો વધી જાય. અને લોક ચૌદ

રાજૂને બદલે પંદર રાજૂનો થઇ જાય. ભવિષ્યમાં બીજા કોઇ સિદ્ધ ભગવાન ત્યાંથી પણ આગળ વધી સોળ રાજૂએ સ્થિત થાય તો લોક સોળ રાજૂનો બની જાય. તેથી લોકનું કે તેના અગ્રભાગનું કોઇ નિશ્ચિત માપ કે સ્થાન જ ન રહે. અને આજે જે સિદ્ધ ભગવાન લોકના અગ્રભાગમાં હોય તે ભવિષ્યમાં લોકની અંદરમાં આવી જાય. પણ આવું બની શકે નહિ.

ઉપરોક્ત કારણોસર સિદ્ધ ભગવાન લોકની બહાર જતા નથી અને સિદ્ધ શિલા ઉપર લોકાગ્રે જ બિરાજે છે. જ્યાં એક સિદ્ધ ભગવાન હોય ત્યાં બીજા અનંત સિદ્ધ ભગવાન પણ અવગાહના પામે છે અને તેથી જ્યાં એક સિદ્ધ ભગવાન હોય ત્યાં બીજા અનંત સિદ્ધ ભગવાન પણ હોય છે.



**પ્રશ્ન :** એક સિદ્ધ ભગવાન હોય ત્યાં જ બીજા અનંત સિદ્ધ ભગવાન કઇ રીતે અવગાહના પામી શકે?

**ઉત્તર :** સિદ્ધ ભગવાનને અવગાહના આપવાનું કાર્ય આકાશદ્રવ્યનું છે. અવગાહના એ આકાશદ્રવ્યનો ગુણ કે સ્વભાવ છે. આ ગુણ કે સ્વભાવ પરિપૂર્ણ હોય છે અને તેને કોઇ મર્યાદા હોતી નથી. તેથી આકાશના એક પ્રદેશમાં પણ અનંત સિદ્ધ ભગવાનને અવગાહના આપવાની શક્તિ છે. અને એક સિદ્ધ ભગવાન હોય ત્યાં જ બીજા અનંત સિદ્ધ ભગવાન રહી શકે તેનું બીજું કારણ આ સિદ્ધ ભગવાનનું સૂક્ષ્મ પરિણમન છે.

જે પદાર્થો અમૂર્તિક હોય તે સૂક્ષ્મ પરિણમનવાળા જ હોય છે. તેથી તેઓ એક બીજાને બાધા કર્યા વિના એક જ જગ્યાએ એક સાથે રહી શકે છે. પુદ્ગલ સિવાયના જીવાદિ બધાં જ પદાર્થો અમૂર્તિક છે. પુદ્ગલદ્રવ્ય મૂર્તિક હોવાથી એકબીજાનો અવરોધ કે બાધા કરવાવાળાં છે. તોપણ પુદ્ગલદ્રવ્યમાં ઔદારિક, વૈક્રિયિક અને આહારક સિવાયના કાર્માણ અને તૈજસ શરીર સૂક્ષ્મ પરિણમનવાળા હોવાથી એકબીજાનો અવરોધ કર્યા વિના એક સાથે રહી શકે છે. તેથી એક જ ઔદારિક શરીરમાં નિગોદના અનંત જીવો એક સાથે રહે છે. અને તેનું કારણ સૂક્ષ્મ પરિણમન જાણવું.

સૂક્ષ્મ પરિણમનને કારણે એક ઓરડામાં અનેક દીવાઓનો પ્રકાશ સમાઇ જાય છે. એક યુદ્ધભૂમિમાં અનેક યોદ્ધાઓનો અવાજ ભળી જાય છે. એક પ્યાલા ઊંટડીના દૂધમાં તેટલું જ મધ ઓગળી જાય છે. એક જ શરીરમાં નિગોદના અનંત જીવો એક સાથે રહે છે. તેમ એક સિદ્ધ ભગવાનમાં બીજા અનંત સિદ્ધ ભગવાન અવગાહના પામે છે.

એક સિદ્ધ ભગવાન હોય ત્યાં બીજા અનંત સિદ્ધ ભગવાન હોવા છતાં તેઓ નિગોદની જેમ નથી. નિગોદના અનંત જીવો શરીર પ્રમાણ એક સરખા પરિમાણવાળા હોય છે. સિદ્ધ ભગવાનનું પરિમાણ એકસરખું હોતું નથી અને નાનું-મોટું હોય છે. તે પણ જેમાં એક સિદ્ધ ભગવાનના પ્રદેશો હોય ત્યાં બીજા અનંત સિદ્ધ ભગવાનના અમુક પ્રદેશો પણ હોય છે. આ બધાં સિદ્ધ ભગવંતો એકક્ષેત્રાવગાહે હોવા છતાં પોતપોતાનું અલગ અસ્તિત્વ જાળવી રાખે છે. તેથી દરેકનું જ્ઞાન, સુખ, શ્રદ્ધાન, સ્થિરતા, વીર્ય વગેરે જુદું જુદું હોય છે અને તેઓ સિદ્ધ શિલા ઉપર બિરાજમાન હોય છે.

## સિદ્ધશિલાનું વર્ણન

(આર્યા)

*ईसिप्पब्भाराए  उवरिं अत्थदि सो जोयणम्मि सदिए ।*
*ध्रुवमचलमजरठाणं लोगसिहरमस्सिदो सिद्धो ॥*

ભાવાર્થ : ઈષત્પ્રાગભાર નામની આઠમી પૃથ્વીની અંતર્ગત સિદ્ધશિલા આવેલી છે. તેનાથી લગભગ એક યોજન ઉપર લોકશિખર છે. લોકાગ્રે આવેલ સિદ્ધશિલા ધ્રુવ, અચલ અને અજર સ્થાન છે અને તેમાં એવાં જ અનંત સિદ્ધ ભગવંતો બિરાજમાન છે(ભગવતી આરાધના: ગાથા ૨૧૪૦)

અતિભવ્ય અને રમણીય રજત રંગની સિદ્ધ શિલા પણ સિદ્ધ ભગવાન જેવું ધ્રુવ, અચલ અને અજર સ્વરૂપ ધરાવનારી છે. સિદ્ધ ભગવાનનું નિવાસસ્થાન મનાતી સિદ્ધ શિલાનું સંક્ષિપ્ત વર્ણન નીચે મુજબ છે.

સર્વાર્થસિદ્ધિ વિમાનના ધ્વજદંડથી માત્ર ૧૨ યોજન ઉપર સુવર્ણ, ચાંદી અને અનેક પ્રકારના રત્નોથી પરિપૂર્ણ ઈષત્પ્રાગ્ભાર નામની અંતિમ અને આઠમી પૃથ્વી આવેલી

છે. ત્રણ લોક ઉપર તેના મસ્તક સમાન શોભતી આ પૃથ્વીની ઉત્તર-દક્ષિણ લંબાઇ ૬ રાજૂ, પૂર્વ-પશ્ચિમ પહોળાઇ ૧ રાજૂ અને ઉપર-નીચે જાડાઇ ૮ યોજન છે. લોકાગ્રે આવેલી આ પૃથ્વીની ઉપર એક યોજનથી થોડા ઓછા અંતર સુધીમાં સમાવેશ પામતા અનુક્રમે ઘનોદધિવાત, ઘનવાત અને તનુવાત એ નામના ત્રણ વાયુઓના આવરણ આવેલા છે. સામાન્ય રીતે વાયુઓ અસ્થિર હોય છે પણ સિદ્ધલોકના આ ત્રણેય વાતવલયો સ્થિર છે.




ઈષત્પ્રાગ્ભાર પૃથ્વીની બરાબર વચ્ચોવચ્ચ અઢીદ્વીપના મનુષ્ય ક્ષેત્રના વિસ્તારવાળી એટલે કે ૪૫ લાખ યોજન (૫.૭૬×૧૦$^{૯}$ કિ.મી.) ના વ્યાસવાળી વર્તુળાકાર સિદ્ધશિલા આવેલી છે. રજતનિર્મિત આ શિલા ઉપરથી સપાટ અને નીચેથી ગોળાકાર છે. તેને બાજુ પરથી જોતાં તેના નીચેના ગોળાકાર ભાગનો વળાંક બીજના ચંદ્ર જેવો જણાય છે. ઉપરના ભાગમાં સમથળ અને નીચેના ભાગમાં ક્રમશઃ હાનિરૂપ આ સિદ્ધશિલાની જાડાઇ વચ્ચેના ભાગમાં ૮ યોજન (૧૦૨.૪ કિ.મી.) છે. જે ક્રમશઃ ઘટતી જતા કિનારીના ભાગમાં એક અંગુલમાત્ર હોય છે. અઢીદ્વીપના મનુષ્ય ક્ષેત્રની બરાબર ઉપર તેની સમશ્રેણીએ આવેલી આ સિદ્ધ શિલાની ઉપરના અંતિમ તનુવાતવલયમાં જ્યાં સુધી ધર્માસ્તિકાયદ્રવ્ય છે ત્યાં સુધી એટલે કે લોકના શિખર સુધી સિદ્ધ ભગવાન બિરાજે છે. ત્રણ લોકના મસ્તકના મુગટ સમાન આ સિદ્ધ શિલામાં બિરાજતા સિદ્ધ ભગવાન તેમાં જડેલા મણિઓ સમાન શોભે છે.


## ઉપસંહાર

મોક્ષ એ આત્માની મુક્તદશા છે. અને સંસારની ચારગતિથી વિલક્ષણ એવી પંચમગતિ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પ્રકારના પુરુષાર્થમાં મોક્ષની પ્રધાનતા છે. મુમુક્ષુતા કે આત્માર્થીતા વિના મોક્ષમાર્ગમાં પ્રવેશ પામી શકાતો નથી. મોક્ષમહેલનું પ્રથમ સોપાન સમ્યગ્દર્શન છે. મોક્ષની પ્રાપ્તિ માટે સમ્યગ્દર્શન અનિવાર્ય આવશ્યક છે. મોક્ષમાર્ગની સાધક દશાની પૂર્ણતા ચૌદમા ગુણસ્થાને અયોગી કેવળીની દશામાં હોય છે. મોક્ષપ્રાપ્ત સિદ્ધ ભગવાનનું નિવાસસ્થાન સિદ્ધ શિલા છે. પૂર્ણ શુદ્ધ, પૂર્ણ સુખ અને પૂર્ણ સાધ્યરૂપ મોક્ષનો મહિમા અલૌકિક અને અચિંત્ય છે.

મોક્ષમાં જન્મ-જરા-મરણ નથી, રોગ-કલેશ-સંતાપ જેવી દીનતાથી દૂર છે. દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ જેવી બાધાઓથી તદ્દન મુક્ત છે. મોહ-ક્ષોભનું ત્યાં સ્થાન જ નથી. આકુળતાનો અત્યંત અભાવ છે. મન-વચન-કાયારૂપ યોગ કે ચંચળતા વડે ત્યાં સંસાર જ નથી. જગતમાં એકમાત્ર મોક્ષ જ એવું છે કે તેની કોઇ નિંદા કરતું નથી. ખરેખર તો તેની નિંદા થઇ શકે તેવી કોઇ બાબત જ તેમાં નથી. આવા પરમ પારિણામિકભાવરૂપ પરમાત્મ પદને મારા પરમ પ્રણામ છે. મોક્ષ પ્રાપ્ત સિદ્ધ ભગવંતોને પ્રણામ કરવાનું પ્રયોજન તેવી જ સિદ્ધિ પ્રાપ્ત કરવાનું છે તેમ જણાવતા લોગસ્સસૂત્રમાં કહેવાયું છે ---

(આર્યા)

**चंदेसु निम्मलयरा, आइच्चेसु अहियं पयासयरा ।**
**सागरवर गंभीरा, सिद्धा सिद्धिं मम दिसंतु ।।**



**ભાવાર્થ :** જેઓ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ જેવા કર્મમળથી રહિત હોવાથી સર્વ ચંદ્રોથી પણ વિશેષ નિર્મળ છે, સંપૂર્ણ લોકાલોકના પ્રકાશક હોવાથી સર્વ સૂર્યોથી પણ અધિક પ્રકાશમાન છે અને અનંત ગુણમણિઓના ભંડાર હોવાથી સ્વયંભૂરમણ જેવા મહાન સમુદ્રોથી પણ વધુ ગંભીર છે તે સિદ્ધ ભગવંતો મને પણ આપના જેવી સિદ્ધિ પ્રદાન કરો.
(લોગસ્સ સૂત્રઃ કડી નં.૭)

### ટિપ્પણ

**૧. શિખામણિઃ** મુગુટમાંનો મણિ ●**૨. આગવાપણુંઃ** અલગપણું, વિશેષપણું ●**૩. નિકૃષ્ટઃ** હલકી, નિમ્નકક્ષાની ●**૪. અશેષ :** તમામ, પૂરેપૂરું ●**૫. પ્રશસ્તઃ** યોગ્ય, શાસ્રોક્ત ●**૬. સમશ્રેણીઃ** માથા ઉપર શિરોલંબ આવેલ સ્થાન ●**૭. મીંજઃ** બીજની અંદરનો ગર ●**૮. નિરર્ગળઃ** અનર્ગળ, અપાર, પુષ્કળ, રૂકાવટ વિનાની, અંકુશ વિનાની

## સંદર્ભ સાહિત્ય

**પ્રાસ્તાવિક :** ૧. નિયમસાર : ગાથા૧૭૯, ૧૮૦, ૧૮૧ અને તેની ટીકા.

**મોક્ષ એટલે શું ?** ૧. તત્ત્વાર્થસૂત્ર : અધ્યાય ૧૦, સૂત્ર ૨ ; ● ૨. સર્વાર્થસિદ્ધિ : ૧/૧/૭/૫ ; ૧/૪/૧૪/૫; ૨/૧૦/૧૬૯/૭; ● ૩. તત્ત્વાર્થરાજવાર્તિક : ૧/૪/૨૦/૨૭/૧૧ ; ૧/૧/૩૭/૧૦/૧૫ ; ૧/૪/૧૩/૨૬/૯ ; ૧/૪/૨૭/૨૦/૧૨ ; ૨/૧૦/૨/૧૨૮/૨૩ ; ● ૪. સમયસાર : ગા. ૨૮૮ની ટીકા ; ● ૫.નયચક્ર બૃહદ : ગાથા૧૦૭ ; ● ૬. જૈ. સિ. કોશ : ભાગ૩ : મોક્ષ : ૧/૧, પાનું૩૨૨; ૧/૪, પાનું૩૨૩ ;

**મોક્ષના ભેદ :** ૧. નયચક્ર બૃહદ : ગાથા૧૫૯; ● ૨. બૃહદ દ્રવ્યસંગ્રહ : ગાથા ૩૭ની ટીકા; ● ૩. પંચાસ્તિકાયસંગ્રહ : ગાથા૧૫૦ ની જયસેનાચાર્યકૃત ટીકા ; ● ૪. જૈ.સિ.કોશ : ભાગ ૩ : મોક્ષ : ૧/૨, પાનું૩૨૨.

**પુરુષાર્થમાં મોક્ષની પ્રધાનતા :** ૧. પરમાત્માપ્રકાશ : અધ્યાય-૨, ગાથા ૨ થી ૭ ; ● ૨. પદ્મનંદી પંચવિંશતિઃ : અધ્યાય૭, શ્લોક ૨૫; ● ૩. જ્ઞાનાર્ણવઃ સર્ગ ૩, શ્લોક ૪, ૫ ; ● ૪. ભગવતી આરાધના : ગાથા૧૮૧૩, ૧૮૧૪, ૧૮૧૫; ● ૫. પુરુષાર્થસિદ્ધિ ઉપાય : શ્લોક ૯ અને તેની ટીકા ; ● ૬. સમયસાર : ગાથા૧ ની ટીકા ; ● ૭. જૈ.સિ.કોશ : ભાગ ૩ : પુરુષાર્થ, પાનુ૭૦.

**ગતિમાં મોક્ષની વિશેષતા :** ૧. રત્નકરંડ શ્રાવકાચાર : ગાથા૧૩૪ ; ● ૨. ગોમ્મરસાર : જીવકાંડ : ગાથા૭૩૧-૩૨ની ટીકા ; ● ૩. પંચાસ્તિકાય સંગ્રહ : ગાથા ૨૬.

**મોક્ષનો મહિમા :** ૧. નિયમસાર : ગાથા૧૭૭-૭૮ અને તેની ટીકા; ● ૨. વરાંગચરિત્ર : સર્ગ૧૦, પેરા૫થી૧૧, પાનુ૭૮-૭૯.

**મોક્ષ પ્રાપ્તિનો ક્રમ :** ૧. નિયમસાર : ગાથા૧૭૬ ; ● ૨. વરાંગચરિત્ર : સર્ગ૧૦ પેરા૧૨ થી૧૩, પાનુ૭૯-૮૦; ● ૩. બ્હેનશ્રીનાં વચનામૃત : નં. ૩૬, ૭૧, ૭૮, ૮૯, ૨૭૮, ૩૮૬, ૩૮૮, ૩૯૪, ૩૯૬, ૪૨૦, ૪૨૧, ૪૨૫ ; ● ૪. ગુરુદેવશ્રીના વચનામૃત : નં. ૧૬, ૭૫, ૧૨૭ ; ● ૫. શ્રીમદ્ રાજચંદ્રઃ પત્રાંક ૨૫૪, આત્મસિદ્ધિ : ગાથા ૩૭, ૩૮, ૧૩૮ ; ● ૬. નિયમસારઃ ગાથા ૬, ૭૧, ૭૩, ૭૪, ૭૫, ૧૫૬, ૧૫૭ અને તેની ટીકા, ● ૭. લબ્ધિસાર : ૩/૪૪ ; ● ૮. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૬૫૧ ; ● ૯. રત્નકરંડ શ્રાવકાચાર : ગાથા ૬, ૩૧, ૩૨, ૩૪, ૫૨, ૧૩૬ ; ● ૧૦. સૂત્ર પાહુડ : ગાથા૧૭, ૧૮, ૧૯, ૨૦ ; ● ૧૧. મોક્ષમાર્ગ પ્રકાશક : અધ્યાય૧; ● ૧૨. નિલોયપણ્ણતિ : અધ્યાય ૪, ગાથા ૮૩૬ થી ૯૧૪ નો ભાવાર્થ ; ● ૧૩. દર્શનપાહુડ : ગાથા ૩૫ની ટીકા. **મોક્ષપ્રાપ્તિના ક્રમસંબંધી પ્રશ્નોત્તર ૧. કેવળી સમુદ્દઘાત વિષે :** ૧. ભગવતી આરાધના :ગાથા ૨૧૧૬ થી ૨૧૨૩ ● ૨. ધવલ : ૧/૧,૧,૬૦/૧૬૭/૩૦૩ ; ૧૩/૫/૪/૨૬/૨ ●૩. જૈ.સિ.કોશ : ભાગ ૨ : કેવળી : ૭ : કેવળી સમુદ્દઘાત નિર્દેશ :પાનું૧૬૬, ૧૬૭. **૨. શૈલેશીપણા વિષે :** ૧. ભગવતી આરાધના : ગાથા ૨૧૧૭, ૨૧૧૮ અને ટીકા ● ૨. ધવલ : ૧૩/૫,૪,૨૬/ગાથા ૭૭ / ૮૭; ● ૩.જૈ.સિ.કોશ : ભાગ ૪ :શુકલધ્યાન : ૧/૮, પાનું ૩૫. **૩.ઊર્ધ્વગતિ વિષે :** ૧.તત્ત્વાર્થસૂત્ર અ. ૮, સૂત્ર૧૨, ૩૫; અ. ૧૦ સૂત્ર ૫,૬,૭ અને તેની ટીકા ● ૨. નિયમસાર : ગાથા૧૭૬, ૧૮૩, ૧૮૪ અને તેની ટીકા ●૩. ધવલઃ૪/૩,૧,૪૩/૨૨૬/૨ ● ૪. વરાંગ ચરિત્રઃ સર્ગ૧૦, પેરા ૨૪ થી ૨૭ ● ૫. તત્ત્વાર્થસાર : અ. ૮, ગાથા ૨૭ થી ૩૩ ● ૬. નિયમસાર : તાત્પર્યવૃત્તિ : શ્લોક ૨૯૩, ૨૯૪ ● ૭. જ્ઞાનાર્વણ : ૪૨/૫૯ ● ૮. જૈ.સિ.કોશ : ભાગ ૩ : મોક્ષ : ૫/૨,પાનું ૩૨૮, ૩૨૯ **૪. ચરમ દેહથી કિંચિત ન્યૂન આકાર વિષે :** ૧. સર્વાર્થસિધિ : ૧૦/૪/૪૬૮/૧૩ ; ● ૨. તત્ત્વાર્થરાજવાર્તિકઃ ૧૦/૪/૧૨/૬૪૩/૨૪ ; ● ૩. પરમાત્મ પ્રકાશ : અધ્યાય૧, ગાથા ૫૪ ; ● ૪. તિલોયપણ્ણતિ : ૯/૧૦, ૯/૧૯ ; ● ૫. બૃહદ દ્રવ્ય સંગ્રહઃ ગાથા૧૪, ૫૧ અને તેની ટીકા ; ● ૬. જ્ઞાનાર્ણવ : ૪૦/૨૫ ; ● ૭. જૈ. સિ. કોશ : ભાગ ૩ : મોક્ષ : ૫/૫,૬ પાનુ ૩૨૯. **૭. સિદ્ધ ભગવાન લોકની બહાર જતા નથી તે વિષે :** ૧. ભગવતી આરાધના : ગાથા ૨૧૩૪ ; ● ૨. નિયમસાર : ગાથા : ૧૮૪. ● ૩. જૈ.સિ.કોશ : ભાગ-૧ : ધર્માધર્મ : ૨/૬, પાનુ ૪૮૯ **૮. એક સિદ્ધ ભગવાનમાં અનંત સિદ્ધ ભગવાનની અવગાહના વિષે :** ૧. તિલોયપણ્ણતિ : ૯/૧૫ ; ● ૨. તત્ત્વાર્થસાર : અધ્યાય ૮, સૂત્ર૧૪, પાનુ૧૯૯ ; ● ૩. તત્ત્વાર્થસૂત્ર : અધ્યાય૧૦, સૂત્ર૯ ની ટીકા.

**સિદ્ધશિલાનું વર્ણન :** ૧. ભગવતી આરાધના : ગાથા ૨૧૪૦ ; ● ૨. તિલોયપણ્ણતિઃ અધ્યાય ૮, ગાથા ૬૫૨ થી ૬૫૮ ; ● ૩. ત્રિલોકસાર : ગાથા ૫૫૬ થી ૫૫૮ ; ● ૪. હરિવંશપુરાણ : ૬/૧૨૬ થી૧૩૨ ; ●૫. ક્ષપણાસાર : ગાથા ૬૪૯ ; ● ૬. જંબુદ્રીપ પણ્ણતિ : અધિકાર૧૧, ગાથા ૩૫૯ થી ૩૬૧ ; ● ૭. જૈ.સિ.કોશઃ ભાગ ૩ : મોક્ષ : ૧/૭, પાનુ૩૨૩.

**ઉપસંહાર :** ૧. લોગસ્સસૂત્ર : કડી નં.૭.

## હેતુલક્ષી પ્રશ્નો

**યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં☐ ચોરસમાં દર્શાવો.**

**૧. મોક્ષમાં શું નથી ?** ૧. ☐
A. શુક્લધ્યાન B. યથાખ્યાતચારિત્ર
C. નિરાકારપણું D. નિર્દોષપણું

**૨. મોક્ષમાં કયા પ્રકારની મુક્ત દશા નથી ?** ૨. ☐
A. યોગ મુકત B. જ્ઞાન મુકત
C. જીવન મુકત D. દુઃખ મુકત

**૩. કયા પ્રકારનો મોક્ષ એ વાસ્તવિક મોક્ષ છે ?** ૩. ☐
A. પુદ્ગલ મોક્ષ B. ભાવ મોક્ષ
C. દ્રવ્ય મોક્ષ D. અભાવરૂપ મોક્ષ

**૪. ચાર પ્રકારના પુરુષાર્થમાં કોની પ્રધાનતા છે ?** ૪. ☐
A. ધર્મ B. અર્થ
C. કામ D. મોક્ષ

**૫. કઇ ગતિમાં મોક્ષનો સમાવેશ છે ?** ૫. ☐
A. એકેય ગતિમાં નહીં B. દેવ ગતિ
C. મનુષ્ય ગતિ D. પંચમ ગતિ

**૬. મોક્ષના મહિમાનું કારણ કયું ન કહેવાય ?** ૬. ☐
A. પૂર્ણ શુદ્ધ B. પૂર્ણ સુખ
C. પૂર્ણ સાધ્ય D. પૂર્ણ સિદ્ધ

**૭. મોક્ષનું પૂર્ણ શુદ્ધપણું કયા કારણે છે ?** ૭. ☐
A. અવિનાશીપણું B. અનુપમપણું
C. અતીન્દ્રિયપણું D. આઠકર્મથી રહિતપણું

**૮. મોક્ષનું પૂર્ણસુખ કેવું નથી ?** ૮. ☐
A. અવ્યાબાધ B. અનુપમ
C. વિષયજન્ય D. અતીન્દ્રિય

**૯. કયા કારણે મોક્ષ પૂર્ણ સાધ્ય છે ?** ૯. ☐
A. નિરાલંબનપણાના કારણે
B. પુનરાગમનવિરહિતપણાના કારણે
C. લોકાગ્રે સ્થિત હોવાના કારણે
D. જ્ઞાનાદિ ચાર સ્વભાવના કારણે

**૧૦. મોક્ષ પ્રાપ્તિનો ક્રમ કયાંથી શરૂ થાય છે ?** ૧૦. ☐
A. આત્માર્થીપણાથી B. અયોગીકેવળીપણાથી
C. સમ્યગ્દર્શનથી D. મુનિદશાથી

**૧૧. શેના વિના પારમાર્થિક પંથમાં એક ડગલુંય આગળ વધી શકાતું નથી ?** ૧૧. ☐
A. આત્માર્થીતા B. સદાચાર
C. વ્રત-તપ D. પૈસા

**૧૨. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે શું જરૂરી નથી ?** ૧૨. ☐
A. મિથ્યાત્વનો અભાવ B. સંયમ
C. સમ્યક્ત્વ સન્મુખતા D. સ્વપરનું ભેદજ્ઞાન

**૧૩. મોક્ષની પ્રાપ્તિ માટે શેની આવશ્યકતા અનિવાર્ય છે?** ૧૩. ☐
A. આત્માર્થીપણું B. શ્રાવકપણું
C. સમ્યગ્દર્શન D. સમ્યક્ત્વસન્મુખતા

**૧૪. મુનિ દશા પ્રગટવાની પાત્રતા કઇ છે ?** ૧૪☐
A. ૨૮ પ્રકારના મૂળ ગુણ
B. વ્રત-તપશ્ચરણ
C. મનુષ્ય પર્યાયનું પુરુષ લિંગ
D. સંસાર પ્રત્યેનો તીવ્ર વૈરાગ્ય

**૧૫. દરેક અરિહંત ભગવાન કેવા કહેવાય છે ?** ૧૫☐
A. દ્રવ્યમોક્ષ ધરાવનાર B. તીર્થંકર
C. સિદ્ધ D. સંસારી

**૧૬. અયોગી કેવળી દશામાં શું નથી?** ૧૬.☐
A. યોગનિરોધ B. ૧૪મું ગુણ સ્થાન
C. શૈલેશીપણું D. દિવ્યધ્વનિ

**૧૭. અયોગી કેવળી દશાનો સમય કેટલો હોય છે ?** ૧૭.☐
A. પાંચ સમય
B. પાંચ પરમેષ્ઠિના નામના ઉચ્ચારણ જેટલો
C. પાંચ ગુરુમાત્રા ધારક દીર્ઘ સ્વરોના ઉચ્ચારણ જેટલો
D. પાંચ લઘુમાત્રા ધારક હ્રસ્વ સ્વરોના ઉચ્ચારણ જેટલો

**૧૮. તીર્થંકર ભગવાનના નિર્વાણકલ્યાણક ઉજવવા ઇન્દ્ર શેનો અગ્નિસંસ્કાર કરે છે ?** ૧૮.☐
A. કોઇ અગ્નિસંસ્કાર કરતા નથી
B. પરમ ઔદારિક મૃત શરીરનો
C. નખકેશના આધારે તૈયાર કરેલ સંપૂર્ણ માયામયી શરીરનો
D. માત્ર નખકેશનો

**૧૯. સિદ્ધ ભગવાનનું લક્ષણ શું છે ?** ૧૯.☐
A. અનંત ચતુષ્ટય
B. આઠ મહા ગુણો
C. ભાવ મોક્ષ
D. સિદ્ધ શિલા ઉપર બિરાજમાન

**૨૦. ભવ્યજીવનું અંતિમ ધ્યેય કે લક્ષ્ય શું હોય છે ?** ૨૦.☐
A. મોક્ષ દશા
B. સ્વર્ગ
C. લોક કલ્યાણ
D. સંપત્તિ, સત્તા અને સન્માન

**૨૧. કેવળીસમુદ્ઘાતમાં કુલ કેટલો સમય જાય છે ?** ૨૧.☐
A. આઠ સમય
B. અંતર્મુહૂર્ત જેટલો સમય
C. માત્ર એક સમય
D. કોઇ સમય જતો નથી

**૨૨. કઇ દશાને શૈલેશીપણું કહે છે ?** ૨૨.☐
A. સયોગી કેવળીની દશા
B. અયોગી કેવળીની દશા
C. અરિહંત દશા
D. મોક્ષ દશા

**૨૩. મોક્ષ પામતા જીવની ઊર્ધ્વગતિ માટે કયું કારણ નથી ?** ૨૩.☐
A. અસંગતા B. બંધનછેદ
C. અપક્રમ D. ઊર્ધ્વ ગુરુત્વગુણ

**૨૪. મોક્ષ પામતો જીવ ઊર્ધ્વગતિ વડે કેટલા કાળે લોકાગ્રે પહોંચે છે ?** ૨૪.☐
A. એક સેકન્ડ B. તત્કાળ
C. અંતર્મુહૂર્ત D. એક સમય

**૨૫. સિદ્ધ ભગવાન સિવાય સ્વાભાવિક ઉર્ધ્વગતિ પામનાર કોણ હોય છે ?** ૨૫.☐
A. ઋદ્ધિધારી મુનિરાજ
B. અરિહંત ભગવાન
C. અયોગીકેવળી
D. પુદ્‌ગલનો એક છૂટો શુદ્ધ પરમાણું

**૨૬. સિદ્ધ ભગવાનનો કેવો આકાર હોય છે ?** ૨૬.☐
A. કોઇ આકાર જ હોતો નથી
B. નિશ્ચિત કોઇ આકાર હોતો નથી
C. સમસ્ત લોકપ્રમાણ
D. ચરમ દેહથી કિંચિત્ ન્યૂન

**૨૭. સિદ્ધ ભગવાન ઊર્ધ્વગતિ વડે લોકની બહાર અલોકમાં પણ જાય તો કયો દોષ ન આવે?** ૨૭.☐
A. લોક-અલોકનો વિભાગ ન રહે
B. ઊર્ધ્વગતિ નિરર્ગળ થઇ જાય
C. લોક અને તેના અગ્રભાગનું કોઇ નિશ્ચિત સ્થાન ન રહે
D. સિદ્ધ ભગવાનનો અભાવ થાય

**૨૮. એક સિદ્ધ હોય ત્યાં બીજા અનંત સિદ્ધ અવગાહના પામી શકે છે તેનું કારણ શું છે ?** ૨૮.☐
A. સિદ્ધ ભગવાનનો પરસ્પરનો સુમેળ
B. સિદ્ધ ભગવાનનો અતિશય
C. સિદ્ધ ભગવાનનું સૂક્ષ્મ પરિણમન
D. સિદ્ધ ભગવાનનો અમર્યાદિત અવગાહના ગુણ

**૨૯. સિદ્ધ શિલા કેવી નથી ?** ૨૯.☐
A. રમણીય રજત રંગની
B. તેના ઉપર વાતવલય વિનાની
C. ધ્રુવ, અચલ અને અજર
D. બાજુથી જોતા બીજના ચંદ્ર જેવા આકારની

**૩૦. સિદ્ધ ભગવાન કેવા નથી ?** ૩૦.☐
A. સંપૂર્ણ સચરાચરમાં વ્યાપ્ત
B. સ્વયંભૂરમણ સમુદ્રથી વધુ ગંભીર
C. સર્વચંદ્રોથી વિશેષ નિર્મળ
D. સર્વ સૂર્યોથી અધિક પ્રકાશમાન

## સૈદ્ધાંતિક પ્રશ્નો

**નીચેના પ્રશ્નોના એક કે બે વાકયોમાં ટૂંકા જવાબ આપો.**

૧. મોક્ષ પામેલ સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ કેવું છે કે જેના કારણે તે શબ્દોમાં બતાવી શકાતું નથી ?
૨. મોક્ષનું નિરૂપણ મોટા ભાગે કઇ રીતે કરવામાં આવે છે ?
૩. મોક્ષમાં કયા પ્રકારથી મુકત દશા હોયછે ?
૪. મોક્ષ દશા કયા પ્રકારે જીવન મુકત છે ?
૫. મોક્ષના ભેદ કેટલા છે? કયા કયા ?
૬. ભાવ મોક્ષ કોને કહે છે ?
૭. દ્રવ્ય મોક્ષ કોને કહે છ?
૮. પુરુષાર્થ એટલે શું ?
૯. પુરુષાર્થના કેટલા પ્રકાર છે ? કયા કયા ?
૧૦. પુરુષનો અર્થ શો છે ?
૧૧. ત્રિવર્ગમાં કોનો સમાવેશ છે ?
૧૨. અપવર્ગમાં કોનો સમાવેશ છે?
૧૩. મોક્ષ ગતિની શોભા કયા પ્રકારની છે?
૧૪. આત્માનો મોક્ષ શા કારણે મહિમાવંત છે?

૧૫. મોક્ષ પ્રાપ્તિનો ક્રમ મુખ્યત્વ કયા પ્રકારે હોય છે?
૧૬. આત્માર્થી કોને કહે છે?
૧૭. આત્માર્થી કેવો હોય છે?
૧૮. આત્માર્થીના લક્ષણો કયા છે?
૧૯. કયા ઉપયોથી આત્માર્થીપણું પ્રગટે છે?
૨૦. આત્માર્થીના માટેની પાત્રતા શી છે?
૨૧. કયો જીવ સમ્યકત્વ–સન્મુખતા ધરાવનારો કહેવાય છે?
૨૨. સમ્યક્ત્વ–સન્મુખ જીવ કેવો હોય છે?
૨૩. સમ્યક્ત્વ–સન્મુખતાનું લક્ષણ જણાવો.
૨૪. કયો જીવ સમ્યકત્વ–સન્મુખતાને પાત્ર છે?
૨૫. સમ્યક્ત્વ–સન્મુખતાની શી જરૂરિયાત છે ?
૨૬. સમ્યગ્દર્શન કોને કહે છે?
૨૭. સમ્યગ્દષ્ટિ જીવ કેવો હોય છે ?
૨૮. સમ્યગ્દર્શનનું લક્ષણ શું છે ?
૨૯. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કઇ રીતે થાય છે ?
૩૦. શ્રાવકની વ્યાખ્યા આપો.
૩૧. શ્રાવક કેવો હોય છે ?
૩૨. શ્રાવકનું લક્ષણ શું છે ?
૩૩. શ્રાવકની અગીયાર પ્રતિમાઓ શું છે ?
૩૪. શ્રાવકદશા કઇ રીતે ઉપકારી છે?
૩૫. મુનિની વ્યાખ્યા આપો.
૩૬. મુનિ કેવા હોય છે ?
૩૭. મુનિનું લક્ષણ શું છે ?
૩૮. મોક્ષ માટે મુનિદશાની શા માટે જરૂરી છે ?
૩૯. અરિહંત કોને કહે છે ?
૪૦. અરિહંત ભગવાન કેવા હોય છે ?
૪૧. અરિહંત ભગવાનનું લક્ષણ જણાવો.
૪૨. અરિહંત દશા કઇ રીતે પ્રાપ્ત થાય છે ?
૪૩. તીર્થંકર કોને કહેવાય છે ?
૪૪. અરિહંત ભગવાનનો સમાવેશ શામાં છે ?
૪૫. અરિહંત ભગવાનને કયા પ્રકારનો મોક્ષ હોય છે ?
૪૬. અયોગી કેવળી કોને કહે છે ?
૪૭. અયોગી કેવળી કેવા હોય છે ?
૪૮. અયોગી કેવળીનું લક્ષણ જણાવો.
૪૯. યોગ નિરોધ એટલે શું ?
૫૦. મોક્ષ કોને કહે છે ?
૫૧. મોક્ષ પામેલ પરમાત્મા કયા નામે ઓળખાય છે ? શા માટે ?
૫૨. સિદ્ધ ભગવાન કેવા હોય છે ?
૫૩. સિદ્ધ ભગવાનનું લક્ષણ શું છે ?
૫૪. સમુદ્ઘાત કોને કહે છે ?
૫૫. કેવળી સમુદ્ઘાત કોને કહે છે ?
૫૬. કેવળી સમુદ્ઘાતના કારણે શું થાય છે ?
૫૭. મુકત જીવમાં એવો કયો ગુણ છે કે જેના કારણે તે ઉર્ધ્વગતિ પામે છે ?
૫૮. મોક્ષ પામતા જીવની ઊર્ધ્વગતિના કેટલા કારણો છે ? કયા કયા ?
૫૯. આઠમી અને અંતિમ પૃથ્વીનું નામ શું છે ?
૬૦. સિદ્ધ ભગવાનનું નિવાસસ્થાન શું છે ?
૬૧. સિદ્ધ શિલા ઉપરથી અને બાજુથી જોતા કેવા આકારની જણાય છે ?
૬૨. સિદ્ધશિલાનો વિસ્તાર કેટલો છે ?
૬૩. જગતમાં કોઇ નિંદા ન કરતું હોય તેવી કઇ ચીજ છે ? શા માટે ?
૬૪. મોક્ષ પ્રાપ્ત સિદ્ધ ભગવાનને પ્રણામ કરવાનું પ્રયોજન શું છે ?

## નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.

૧. મોક્ષ અવસ્થા કેવી છે ?
૨. સંસારમાં શું છે જે મોક્ષમાં હોતું નથી ?
૩. મોક્ષ એટલે શું ?
૪. મોક્ષમાં આત્માની બંધન મુક્ત, સંસાર મુકત, જીવન મુક્ત, ભોગ મુકત અને દુઃખ મુકત દશા કઇ રીતે છે ?
૫. શા માટે દ્રવ્ય મોક્ષ એ જ વાસ્તવિક મોક્ષ છે ?
૬. ચારેય પ્રકારના પુરુષાર્થમાં શા માટે મોક્ષની જ પ્રધાનતા છે?
૭. સઘળા પ્રકારની ગતિમાં મોક્ષની વિશેષતા કઇ રીતે છે ?
૮. મોક્ષનું પૂર્ણ શુદ્ધપણું એટલે શું ?
૯. મોક્ષની પૂર્ણ શુદ્ધતાના કયા કારણો છે ? કોઇપણ બે કારણ સમજાવો.
૧૦. મોક્ષનું પૂર્ણ સુખપણું એટલે શું ?
૧૧. મોક્ષનું પૂર્ણ સુખપણું કયા કારણે છે? કોઇપણ બે કારણ સમજાવો.
૧૨. મોક્ષનું પૂર્ણ સાધ્યપણું એટલે શું?
૧૩. મોક્ષનું પૂર્ણ સાધ્યપણું કયા કારણે છે? કોપણ બે કારણો સમજાવો.
૧૪. આત્માર્થીપણા વિષેની માહિતી આપો.
૧૫. મોક્ષ પ્રાપ્તિના ક્રમમાં આત્માર્થીતાની અગત્યતા સમજાવો.
૧૬. સમ્યક્ત્વ–સન્મુખતા વિષેની માહિતી આપો.
૧૭. સમ્યગ્દર્શન વિષેની માહિતી આપો.
૧૮. મોક્ષ માર્ગમાં સમ્યગ્દર્શનની અગત્યતા સમજાવો.
૧૯. શ્રાવક વિશેની માહિતી આપો.
૨૦. મુનિ વિષેની માહિતી આપો.
૨૧. મુનિનું સ્વરૂપ કહો.
૨૨. મોક્ષ માટે મુનિદશાની અગત્યતા સમજાવો.
૨૩. અરિહંત વિષેની માહિતી આપો.
૨૪. અયોગી કેવળી વિષેની માહિતી આપો.
૨૫. સયોગી કેવળીમાંથી અયોગી કેવળી થવાની પ્રક્રિયા જણાવો.
૨૬. મોક્ષ વિષેની ટૂંકી માહિતી આપો.
૨૭. કેવળીસમુદ્ઘાત વિષેની સમજૂતી આપો.
૨૮. મુકત જીવ શા માટે ઊર્ધ્વગતિ પામે છે અને અધોગતિ પામતો નથી ?
૨૯. મોક્ષ પામતા જીવની ઊર્ધ્વગતિનું કારણ સમજાવો.
૩૦. અપક્રમ કોને કહે છે?
૩૧. શીઘ્રગતિ એટલે શું? મોક્ષ પામતા જીવની શીઘ્રગતિ વિષે માહિતી આપો.
૩૨. સિદ્ધ ભગવાન ચરમદેહથી કિંચિત્ ન્યૂન આકારે શા માટે હોય છે ?
૩૩. સિદ્ધ ભગવાન ઊર્ધ્વગમનમાં લોકની બહાર શા માટે જતા નથી ?
૩૪. એક સિદ્ધ હોય ત્યાં બીજા અનંત સિદ્ધ કઇ રીતે અવગાહના પામી શકે?
૩૫. આઠમી પૃથ્વીનું વર્ણન કરો.
૩૬. સિદ્ધ શિલાનું વર્ણન કરો.
૩૭. લોગસ્સસૂત્ર અનુસાર સિદ્ધ ભગવાન કેવા છે ?

## નીચેના વચ્ચેનો તફાવત દશાવો (ત્રણ મુદ્દાઓ આપો)

૧. મોક્ષમાં શું નથી ? અને શું છે ?
૧. ધર્મ–અર્થ–કામ એ **ત્રિવર્ગ**નો પુરુષાર્થ અને મોક્ષ એ એ **અપવર્ગ**નો પુરુષાર્થ
૩. સંસારની ચાર ગતિ અને પંચમગતિ : મોક્ષ
૪. શ્રાવક દશા અને મુનિ દશા.
૫. સયોગી કેવળી અને અયોગી કેવળી.

### વિદ્યાર્થીઓની જુથપ્રવૃત્તિ

૧. પ્રકરણની રૂપરેખામાંથી કોઇ એક મુદ્દો પસંદ કરી પ્રોજેક્ટ તૈયાર કરો.
૨. મોક્ષપ્રાપ્તિનો ક્રમ દર્શાવતો ચાર્ટ તૈયાર કરો.
૩. 'મોક્ષ પ્રાપ્તિનો ક્રમ' નો સંવાદ ભજવો.
૪. પ્રકરણમાં આવતા કાવ્ય/ગાથાનું સમુહગાન કરો.
૫. સિદ્ધ લોક દર્શાવતું ચિત્ર દોરો.

### શિક્ષકની વિશેષ પ્રવૃત્તિ

૧. સંદર્ભ ગ્રંથોની યાદીમાંથી ઉપલબ્ધ સંદર્ભ ગ્રંથોનું અવતરણ વિદ્યાર્થીઓ પાસે વાંચો.
૨. નજીકના સિદ્ધ ક્ષેત્રની તીર્થયાત્રા વિદ્યાર્થીઓને કરાવી મોક્ષની સામાન્ય માહિતિ આપો.